Tuesday, 11 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



કોઈપણ કાર્ય પ્રેમથી કરો નહીં તો ન કરો.
-મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૮૩ ● સંવત-૨૦૮૨ કારતક વદ સાતમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### માર્ગ અકસ્માતના કેસમાં સાડા ત્રણ વર્ષ બાદ દમણ કોર્ટે આપ્યો ચુકાદો

## નાની અને મોટી દમણને જોડતાં રાજીવ ગાંધી સેતુ ઉપર કારની અડેફેટે બાઈક સવાર બે વ્યક્તિના મોત નિપજાવનાર કારચાલકને બે વર્ષની ફટકારી કેદ

**૧૩ માર્ચ, ૨૦૨૨ના રોજ રાજીવ ગાંધી સેતૂ ઉપર અર્ટિગા કારને ચાલકે રોંગસાઈમાં ચલાવી બાઈકસવાર બે રાજસ્થાની વ્યક્તિઓને ટક્કર મારતા શંકરનું ઘટના સ્થળે જ થયું હતું મોત, જ્યારે ઉમારામ કોમામાં ગયા બાદ તેનું પણ થયેલું મોત**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

દમણની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં લગભગ સાડા ત્રણ વર્ષથી ચાલી રહેલા માર્ગ અકસ્માત કેસમાં, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસે સુરતના પંચવટીના રહેવાસી કારચાલક સાગર પ્રજાપતિને ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૦૪(A) અને ૩૩૮ હેઠળ દોષિત ઠેરવ્યો, તેને બે વર્ષની કેદ અને ₹૬,૫૦૦ના દંડની સજા ફટકારી હતી. અકસ્માતમાં બાઈક પર સવાર બે લોકોના મોત થયા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ૧૪ માર્ચ, ૨૦૨૨ના રોજ નાની દમણ પોલીસ મથકમાં ફરિયાદી ઓમપ્રકાશ, રાજસ્થાન નિવાસીએ ફરિયાદ નોંધાવી હતી કે, ૧૩ માર્ચ, ૨૦૨૨ના રોજ તેઓ એક બાઈક ઉપર બીજા બે શંકર અને ઉમારામ જેઓ રાજીવ ગાંધી સેતૂ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન અર્ટિગા કાર નંબર જીજી-૦૫ આર.કે.૬૦૬૭ના ચાલકે રોંગ સાઈડમાં આવીને બાઈકને ટક્કર મારી હતી. આ ઘટનામાં ઉમારામ (ઉ.વ.૨૫)નું સ્થળ ઉપર જ કમકમાટીભર્યું મોત થઈ ગયું હતું અને શંકરને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાના કારણે શંકર કોમામા સરી પડ્યો હતો. નાની દમણ પોલીસે આ સંદર્ભમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૩૮, ૩૦૪(એ) તથા મોટર વાહન એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૮૫ અંતર્ગત સાગર પ્રજાપતિની વિરૂદ્ધ કેસ નોંધીને અકસ્માત કરનાર આરોપીની ધરપકડ કરી હતી.

આ કેસમાં એ.એસ.આઈ. શ્રી કેશવ સોલંકીએ એપ્રિલ, ૨૦૨૨માં દમણની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. ટ્રાયલ દરમિયાન કોમામાં સરી પડેલા શંકરનું પણ મોત થવા પામ્યું હતું. સુનાવણી દરમિયાન જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ(જેએમએફસી) શ્રી ઓમકાર જે. કુલકર્ણીએ ૧૦ જેટલા સાક્ષીઓને સાંભળ્યા બાદ માર્ગ અકસ્માતના આરોપી કારચાલક સાગર પ્રજાપતિ રહે.પંચવટી-સુરતનાને ઝડપ અને બેદરકારીથી વાહન ચલાવવાનો દોષી ઠેરવ્યો હતો અને દોષિતને ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૦૪(એ) અને ૩૩૮ અંતર્ગતમ દોષિત ઠેરવતા તેને બે વર્ષની જેલની સજા સંભળાવી હતી. સાથે મોટર વાહન એક્ટ મુજબ રૂા.૬૫૦૦ના રોકડના દંડની સજા પણ ફટકારી હતી.

### સેલવાસ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (સિમા)એ

## સેલવાસના પિપરિયા સ્થિત દાન ઉદ્યોગ સંમેલન હોલ ખાતે ઔદ્યોગિક ડિરેક્ટરી - ૨૦૨૫ જાહેર કરી

**સેલવાસ અને આસપાસના પ્રદેશમાં કાર્યરત ઉદ્યોગો વિશે વ્યાપક અને અદ્યતન માહિતી પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી તૈયાર કરવામાં આવી છે ઔદ્યોગિક ડિરેક્ટરી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**

સેલવાસ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (સિમા)એ આજે સેલવાસના પિપરિયા સ્થિત દાન ઉદ્યોગ સંમેલન હોલ ખાતે તેની બહુપ્રતિક્ષિત ઔદ્યોગિક ડિરેક્ટરી - ૨૦૨૫ સફળતાપૂર્વક બહાર પાડી હતી. ઉદ્‌ઘાટન સમારોહમાં સિમાના પ્રમુખ શ્રી અતુલ શાહ, મહામંત્રી શ્રી નરેન્દ્ર ત્રિવેદી, પ્રોજેક્ટ ડિરેક્ટર અને ઉપ પ્રમુખ શ્રી રવિ પાંડે,

- (વધુ પાના નં.૨ પર)




### સંઘપ્રદેશ દમણના ઈતિહાસમાં પ્રથમ વખત આયોજીત

## શિવ શક્તિ અર્ધનારીશ્વર માનવ કલ્યાણ મહાયજ્ઞનો કથાવાચક મહામંડલેશ્વર હેમલતા સખીની હાજરીમાં થયો શુભારંભ

**કથા-યજ્ઞના પ્રારંભ પહેલાં સમુદ્ર નારાયણ મંદિરથી કથા સ્થળ સુધી કાઢવામાં આવી ભવ્ય કળશયાત્રા**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

સંઘપ્રદેશના ઈતિહાસમાં પ્રથમ વખત દમણ ખાતે શિવ શક્તિ અર્ધનારીશ્વર માનવ કલ્યાણ મહાયજ્ઞનું આયોજન થઈ રહ્યું છે. જેનો આજે શુભારંભ કરતા કથાવાચક મહામંડલેશ્વર હેમલતા સખીના સાંનિધ્યમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે સમુદ્ર નારાયણ મંદિરથી ભવ્ય કળશ યાત્રા કાઢવામાં આવી હતી.

- (વધુ પાના નં.૨ પર)





## મરાઠા સેવા સંઘ પણીત સંગીતસૂર્ય કેશરાવ ભોંસલે પાંચમા રાષ્ટ્રીય અધિવેશન અને પ્રથમ આંતરરાષ્ટ્રીય અધિવેશન સેલવાસના કલા કેન્દ્ર ખાતે યોજાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૧૦:** મરાઠા સેવા સંઘ પણીત સંગીતસૂર્ય કેશરાવ ભોંસલે પાંચમા રાષ્ટ્રીય અધિવેશન અને પ્રથમ આંતરરાષ્ટ્રીય અધિવેશન સેલવાસના કલા કેન્દ્ર ખાતે યોજાયું હતું.

- (વધુ પાના નં.૨ પર)





### ગોવા ખાતે આયોજીત 'ઈન્ટરનેશનલ ઓપન કરાટે ચેમ્પિયનશીપ-૨૦૨૫'માં

## સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવ તરફથી દમણની અવર લેડી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાતિમા સ્કૂલના વિદ્યાર્થીઓ ભાગ લઈ ૩ ગોલ્ડ સહિત ૮ મેડલ હાંસલ કર્યા

**કરાટે શિક્ષક ડૉ. અગમકુમાર ચોનકર-વાડોકાઈ કરાટે પ્રશિક્ષકના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓએ ચેમ્પિયનશીપમાં લીધેલો ભાગ**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

ગત તા.૨૬મી ઓક્ટોબરના રોજ પશ્ચિમ ભારતના વિશ્વ સ્તરીય ટુરિસ્ટ ડેન્ટિનેશન એવા ગોવા ખાતે 'ઈન્ટરનેશનલ ઓપન કરાટે ચેમ્પિયનશીપ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત સહિત કેન્યા, મલેશિયા, શ્રીલંકા, નેપાળ અને વિશ્વના ઘણા દેશોએ ભાગ લીધો હતો. જેમાં ભારત તરફથી કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની દમણ ખાતેની લેડી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાતિમા સ્કૂલની કરાટે ટીમએ પણ ભાગ લીધો હતો. જેમાં ૮ વિદ્યાર્થીઓએ ૧૩ જેટલા મેડલ જીતી શાળા પ્રદેશ અને પરિવારનું નામ રોશન કર્યુ છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મોટી દમણ સ્થિત અવર લેડી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાતિમાના કરાટે શિક્ષક ડૉ. અગમકુમાર ચોનકર-વાડોકાઈ કરાટે પ્રશિક્ષકના માર્ગદર્શનમાં વિદ્યાર્થી કરાટેવીરોએ ગોવાના પેડડમ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ખાતે તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આયોજીત ઈન્ટરનેશનલ ઓપન કરાટે ચેમ્પિયનશીપ-૨૦૨૫માં આનંદ અને ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં દમણથી ભાગ લેવા માટે ૨ છોકરીઓ અને ૬ છોકરા મળી એમ કુલ ૮ની ટીમ ગોવા ગઈ હતી. જેમાં કાતા અને ફાઈટ બન્ને ઈવેન્ટમાં ભાગ લઈ આઠ વિદ્યાર્થીઓએ કુલ ૧૩ મેડલ હાંસલ કર્યા હતા. સંઘપ્રદેશના મેડલ વિજેતા વિદ્યાર્થીઓમાં (૧) ઈશ્વરી અગમકુમાર ચોનકર, કાતામાં ગોલ્ડ મેડલ (૨) દર્શ ધર્મેશભાઈ પટેલ, ફાઈટમાં ગોલ્ડ મેડલ અને કાતામાં ગોલ્ડ મેડલ (૩) અર્શ મનોજભાઈ પટેલ, કાતામાં સિલ્વર મેડલ અને ફાઈટમાં બ્રોન્ઝ મેડલ (૪) આરના રાજ સાવંત , ફાઈટમાં બ્રોન્ઝ મેડલ અને કાતામાં બ્રોન્ઝ મેડલ (૫) મંથન મદનભાઈ ધામી, ફાઈટમાં બ્રોન્ઝ મેડલ અને કાતામાં બ્રોન્ઝ મેડલ (૬) સમર્થ જેકિન કામલી એ કાતા માં બ્રોન્ઝ મેડલ (૭) હરશીલ ધનંજયભાઈ હલપતી, કાતામાં બ્રોન્ઝ મેડલ અને (૮) વાત્સલ્ય સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દક્ષ યોગેશભાઈ પારડીકરે કાતામાં સિલ્વર મેડલ અને ફાઈટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

આ સાથે ડૉ. અગમકુમાર ચોનકરને એમના કરાટેનાં ક્ષેત્રમાં યોગદાન બદલ ટ્રોફી અને મોમેન્ટોથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની ટીમ સાથે એમના હેડ કોચ તરીકે ડૉ.અગમકુમાર ચોનકર અને ટીમ મેનેજર તરીકે કલ્પના ચોનકર પણ જોડાયા હતા. અવર લેડી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાતિમા સ્કૂલનાં પ્રિન્સિપાલ સિસ્ટર ઓલગા ફર્નાન્ડિસે તમામ વિદ્યાર્થીઓને ગોવા કરાટે ઈન્ટરનેશનલ પ્રતિયોગીતામાં ખુબ સારો દેખાવ કરી ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૮ બ્રોન્ઝ મેડલ જીતવા બદલ અભિનંદન આપ્યા હતા.

## દમણ કોર્ટ સંકુલમાં રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ ઉજવાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ દ્વારા મોટી દમણ કોર્ટ સંકુલમાં આજે રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને જિલ્લામાં ઉપલબ્ધ મફત કાનૂની સહાય સેવાઓનો સંપૂર્ણ લાભ લેવા જનતાને અપીલ કરવામાં આવી હતી.




પ્રાપ્ત માહિતી પ્રમાણે, નાગરિકોને કાનૂની સહાય સુનિશ્ચિત કરવા માટે દર વર્ષે ૯ નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે વિવિધ સ્થળોએ કાનૂની સાક્ષરતા શિબિરો અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગ રૂપે, કાનૂની સેવાઓ વિશે જાગૃતિ લાવવા માટે 'રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ' ઉજવવામાં આવ્યો હતો. દરમિયાન એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો કે કાનૂની સહાય એ દરેક નાગરિકનો અધિકાર છે, અને લોકોએ, ખાસ કરીને નબળા જૂથોના લોકોએ, ખચકાટ વિના રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણનો સંપર્ક કરવા જણાવાયું હતું.

સત્તામંડળ માત્ર નાગરિક અને ફોજદારી બાબતોમાં મફત કાનૂની સહાય પૂરી પાડતું નથી, પરંતુ કાઉન્સેલિંગ, પીડિત વળતર સહાય અને જનજાગૃતિ કાર્યક્રમો પણ કરે છે.




## સુવિચાર - સદ્વિચાર

રાહ ન જુવો સાચો અને સારો,
સમય આવતો નથી બનાવવો પડે છે...!

## કવિતા-ભજન-પદ-ગરબા

### ભૂતળ ભક્તિ પદારથ મોટો

ભૂતળ ભક્તિ પદારથ મોટો, બ્રહ્મલોકમાં નાહીં રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માંહી રે.
હરિના જન તો મુક્તિ ન જાચે, જાચે જનમોજનમ અવતાર રે;
નિત્ય સેવા, નિત્ય કીર્તન-ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.
ભરતખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે;
ધન્ય ધન્ય એનાં માતાપિતાને, સફળ કરી એણે કાયા રે.
ધન્ય વૃંદાવન, ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજનાં વાસી રે;
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ થઈ રહી દાસી રે.
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુકજોગી રે;
કાંઈએક જાણે વ્રજની વનિતાઃ ભણે નરસૈંયો ભોગી રે.

**- નરસિંહ મેહતા**

## આજની જોક

ટીચર : બહુવચન કોને કહેવાય છે?
વિદ્યાર્થી : જ્યારે બહુ પોતાના સસુરાલવાલોને ખરી ખોટી સંભળાવે તો તેને બહુવચન કહેવાય છે.
ટિચરઃ બહુ તેજસ્વી વિદ્યાર્થી છો તમે.

## કબીર વાણી

**મન અપના સમજાઈ લે, આયા ગાફેલ હોય;**
**બિન સમજે ઉઠ જાયગા, ફોકટ ફેરા તોય.**

**- અર્થાત-**

જન્મ લીધા પછી તું સમજી શકતો નથી કે "હું કોણ છું?" અને સમજ્યા વિના તારૂં અવસાન થશે તો તારૂં જનમવું ફોકટ જશે, માટે મનને સમજાવી તારા કાબુમાં લે, કે "હું કોણ છું" તે તને સમજાય.

## આજનો દિન વિશેષ

### અનિલ કાકોડકર




અનિલ કાકોડકર (જન્મ ૧૧ નવેમ્બર ૧૯૪૩) એક ભારતીય પરમાણુ ભૌતિકશાસ્ત્રી અને મિકેનિકલ એન્જિનિયર છે. તેઓ ભારતના પરમાણુ ઉર્જા આયોગના અધ્યક્ષ અને ભારત સરકારના સચિવ હતા, તેઓ ૧૯૯૬ થી ૨૦૦૦ સુધી ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર, ટ્રોમ્બે (અથવા તુર્ભે)ના ડિરેક્ટર હતા. તેમને ૨૬ જાન્યુઆરી ૨૦૦૯ ના રોજ ભારતના બીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા. ભારતના સાર્વભૌમત્વનો દાવો કરતા પરમાણુ પરીક્ષણમાં મુખ્ય ભૂમિકા ભજવવા ઉપરાંત, કાકોડકરે પરમાણુ ઉર્જા માટે બળતણ તરીકે થોરિયમ પર ભારતની આત્મનિર્ભરતાને સમર્થન આપ્યું હતું.

**પ્રારંભિક જીવન :** કાકોડકરનો જન્મ ૧૧ નવેમ્બર ૧૯૪૩ના રોજ બરવાની રજવાડા (હાલના મધ્ય પ્રદેશ રાજ્ય)માં કમલા કાકોડકર અને પુરુષોત્તમ કાકોડકરને ત્યાં થયો હતો, બંને ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાનીઓ હતા. તેમનું પ્રારંભિક શિક્ષણ બરવાની અને ખરગોનમાં થયું હતું. જ્યાં સુધી તેઓ પોસ્ટ-મેટ્રિક અભ્યાસ માટે મુંબઈ ગયા ન હતા. કાકોડકરે ૧૯૬૩માં રૂપારેલ કોલેજમાંથી સ્નાતક થયા અને ત્યારબાદ મુંબઈ યુનિવર્સિટીના VJTIમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવી. તેઓ ૧૯૬૪માં ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC)માં જોડાયા. તેમણે ૧૯૬૯માં નોટિંગહામ યુનિવર્સિટીમાંથી પ્રાયોગિક તાણ વિશ્લેષણમાં માસ્ટર ડિગ્રી મેળવી.

તેઓ BARCના રિએક્ટર એન્જિનિયરિંગ વિભાગમાં જોડાયા અને ધ્રુવ રિએક્ટરની ડિઝાઇન અને બાંધકામમાં મુખ્ય ભૂમિકા ભજવી, જે એક સંપૂર્ણપણે મૌલિક પરંતુ ઉચ્ચ તકનીકી પ્રોજેક્ટ હતો. તેઓ ૧૯૭૪ અને ૧૯૯૮માં ભારતના શાંતિપૂર્ણ પરમાણુ પરીક્ષણોના આર્કિટેક્ટ્સની મુખ્ય ટીમનો ભાગ હતા. વધુમાં તેમણે ભારતના દબાણયુક્ત ભારે પાણી રિએક્ટર ટેક્નોલોજીમાં સ્વદેશી વિકાસનું નેતૃત્વ કર્યું છે. તેમણે કલ્પક્કમ ખાતે બે રિએક્ટર અને રાવતભાટા ખાતે પ્રથમ યુનિટના પુનર્વસનમાં કામ કર્યું હતું, જે એક તબક્કે બંધ થવાની આરે હતા. ૧૯૯૬માં તેઓ BARCના ડિરેક્ટર બન્યા અને ૨૦૦૦ થી તેઓ ભારતના અણુ ઊર્જા આયોગનું નેતૃત્વ કરી રહ્યા છે અને અણુ ઊર્જા વિભાગના સચિવ પણ છે. તેમણે ૨૫૦થી વધુ વૈજ્ઞાનિક પેપર્સ પ્રકાશિત કર્યા છે. તેમનું માનવું છે કે, ભારતે ઊર્જામાં આત્મનિર્ભર બનવું જોઈએ, ખાસ કરીને સસ્તા રાષ્ટ્રીય થોરિયમ સંસાધનોનો ઉપયોગ કરીને. તેઓ એડવાન્સ્ડ હેવી વોટર રિએક્ટર ડિઝાઈન કરવામાં રોકાયેલા છે, જે થોરિયમ-યુરેનિયમ ૨૩૩ને પ્રાથમિક ઊર્જા સ્ત્રોત તરીકે અને પ્લુટોનિયમને ડ્રાઈવર ઈંધણ તરીકે ઉપયોગ કરે છે. સરળ પરંતુ સલામત ટેકનોલોજી સાથેની આ અનોખી રિએક્ટર સિસ્ટમ થોરિયમમાંથી ૭૫ ટકા વીજળી ઉત્પન્ન કરશે.

## ઔષધી

### તાવ દરમિયાન ખાવાની ખાદ્ય વસ્તુઓ



તાવ દરમિયાન ભૂખ ન લાગવી એ સામાન્ય બાબત છે, પરંતુ શરીરને જરૂરી પોષક તત્ત્વો અને ખનિજો મળી રહે તે માટે વ્યક્તિએ પૌષ્ટિક ખોરાક લેવો જોઈએ. ખાદ્ય પદાર્થો કે જે પચવામાં સરળ છે તે ઉપચાર પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે. કેટલીક ખાદ્ય વસ્તુઓ છે.

**શાકભાજીઃ** શાકભાજીએ શરીર માટે જરૂરી પોષક તત્વોનો શ્રેષ્ઠ સ્ત્રોત છે. સારી રીતે રાંધેલી શાકભાજીની વાનગી શરીરને જરૂરી વિટામિન્સ અને ખનિજો પ્રદાન કરવામાં મદદ કરે છે. તમારે ગાજર, પાલક અને કોળું જેવા શાકભાજી ખાવા જોઈએ.

**ફળોઃ** લીંબુ, નારંગી અને દ્રાક્ષ જેવા ખાટાં ફળોમાં વિટામિન સી અને ફ્લેવોનોઈડ હોય છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં અને તાવ સામે લડવામાં મદદ કરે છે. ઉપરાંત, બેરી, કિવિ અને સફરજન જેવા ફળો મદદ કરે છે.

**દહીંઃ** દહીંનું સેવન કરવાથી તેમાં રહેલા સારા બેક્ટેરિયા (લેક્ટોબેસિલસ) દ્વારા વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધે છે.

**નારિયેળ પાણીઃ** તાવ દરમિયાન હાઈડ્રેશન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નારિયેળ પાણી શરીરને જરૂરી પ્રવાહી અને ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરેલું છે. તે હાઈડ્રેશનનો ઉત્તમ સ્ત્રોત છે.

### વન વિભાગે કાર્યવાહી કરી

# સિંહ સદનના નામે નકલી વેબસાઈટથી ઓનલાઈન બુકિંગના બહાને છેતરપિંડી

## લોકોએ સિંહ સદનના નામે એક આબેહૂબ નકલી વેબસાઈટ બનાવી પ્રવાસીઓને ઠગવાનો પ્રયાસ શરૂ કર્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૧૦**

રાજયના પ્રસિદ્ધ 'સિંહ સદન' માટે નકલી વેબસાઇટ બનાવી, પ્રવાસીઓ પાસેથી ઓનલાઇન બુકિંગના બહાને રૂપિયા પડાવી લેતા ચીટર તત્વો સામે વન વિભાગ સક્રિય બન્યો છે. ચીટિંગનો ભોગ બનનારાની સંખ્યા વધે એ પહેલા જ વન વિભાગે સમયસર પગલાં લઇ સાયબર સેલ સહાયથી આ ફેક વેબસાઇટ ડિલીટ કરાવીને એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યા હતા. વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહે માહિતી આપતાં જણાવ્યું કે, સિહ સદન માટે ઓનલાઇન બુકિંગની સુવિધા ઉપલબ્ધ નથી અને વન વિભાગની કોઈ સત્તાવાર વેબસાઇટ દ્વારા બુકિંગ થતું નથી. છતાં કેટલાક લોકોએ સિહ સદનના નામે એક આબેહૂબ નકલી વેબસાઇટ બનાવી પ્રવાસીઓને ઠગવાનો પ્રયાસ શરૂ કર્યો હતો.

આ ચિટિંગની માહિતી વન વિભાગને ૩૧ ઓક્ટોબરના રોજ મળી હતી. વિભાગ દ્વારા તપાસ શરૂ કરી. આ ફેક વેબસાઇટની લિંક દ્વારા મળેલા ડેટા અને ટેકનિકલ વિગતો આધારે ચીટર તત્વો હરિયાણાના મેવાસ અને ધોલપુર વિસ્તાર ના હોવાના પ્રમાણ મળ્યા હતા. વન વિભાગે




પહેલાં ભોગ બનનારાઓ સાથે સંપર્ક સાધી અને તેમને ફરિયાદ નોંધાવવા માટે રજુઆત કરી હતી, પરંતુ ઘણાં લોકોએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

તપાસ દરમિયાન ચીટિંગમાં વપરાયેલ મોબાઈલ નંબર બંધ હોવાથી વન વિભાગે તે નંબર પર રેગ્યુલર ટ્રેકિંગ રાખી હતી. કેટલાક દિવસ પછી નંબર ચાલુ થતા વન વિભાગના અધિકારીએ 'ગ્રાહક' બની બુકિંગ કરવા નામે કોલ કર્યો હતો. ચીટરે બુકિંગ માટે ચુકવણી માંગી હતી અને જ્યારે અધિકારીએ નિર્ધારિત રકમ ટ્રાન્સફર કરી ત્યારે ચીટરે રિસીપ્ટ મોકલી હતી. આ બાદ વન વિભાગે તાત્કાલિક સાયબર સેલમાં ફરિયાદ દાખલ કરી હતી.સાયબર સેલ દ્વારા ફરિયાદ નોંધાતા સાથે જ સંબંધિત ડોમેન ડિલીટ કરાવી અને બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી.


પ્રાથમિક તપાસમાં આ ફેક વેબસાઇટ વિદેશી સર્વર પર હોસ્ટ હોવાના સંકેત મળ્યા છે. તેમજ આ નેટવર્ક અન્ય ટુરિસ્ટ સ્પોટ અને વન્ય જીવન સંબંધિત સ્થળોના નામે પણ સમાન રીતે લોકોને ઠગવાનો પ્રયાસ કરતું હોય એવા આધાર પણ મળ્યા છે.

અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહે જનતાને ચેતવણી આપી કે, "સિહ સદન અથવા કોઈ વન્ય વિસ્તાર માટે બુકિંગ માત્ર સત્તાવાર વન વિભાગની કાર્યાલય દ્વારા જ થાય છે. કોઈપણ અજાણી વેબસાઇટ દ્વારા ચુકવણી ન કરવી. અમે ફેક લિંક્સ દૂર કરવા માટે ગૂગલ અને સાયબર સેલ સાથે સંપર્કમાં છીએ.

### માવઠાને કારણે ખેડૂતોના પાકને પારાવાર નુકસાન ગયું

# ખેડૂતોએ બગડી ગયેલા પાકમાં પશુઓને ચરવા છોડી દીધા

## ખેડૂતને એક વીઘા દીઠ વાવેતરથી લઈને ઉત્પાદન સુધી અંદાજે ૧૮ થી ૨૦ હજારનો ખર્ચ થાય છે, પરંતુ આ ખર્ચ માથે પડ્યો છે



**(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ, તા.૧૦**

દિવાળી બાદ ત્રાટકેલા માવઠાથી ધોરાજી સહિત રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી અને જુનાગઢના ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. કપાસ જેવા પાક સંપૂર્ણ નિષ્ફળ જતા ખેડૂતો પાયમાલ થયા છે. આર્થિક બોજને કારણે લાચાર ખેડૂતોએ બગડી ગયેલા પાકમાં પશુઓને ચરવા છોડી દીધા છે. રાજ્યમાં દિવાળી બાદ ત્રાટકેલા માવઠાને કારણે ખેડૂતોના પાકને પારાવાર નુકસાન ગયુ છે. રાજકોટ, ગીર સમોનાથ અમરેલી અને જુનાગઢ જિલ્લામાં ખેડૂતોનો સંપૂર્ણ પાક ધોવાઈ ગયો છે. ત્યારે ખેડૂતોને આ બગડેલા પાકમાંથી કંઈ જ ઉપજે તેમ નથી. જેના કારણે ખેડૂતોએ તેમના ખેતરોમાં પશુઓને ચરવા માટે છુટા મુકી દીધા છે.

માવઠાએ ખેડૂતોને પાયમાલ કરી નાંખ્યા છે. માવઠામાં સંપૂર્ણ પાક સડી ગયો છે અને નાશ પામ્યો છે આથી આથી લાચાર ખેડૂતો હવે તેમનો બગડી ગયેલો પાક પશુઓને ખવડાવવા મજબૂર બન્યા છે. આવું જ કંઈક બન્યું રાજકોટના ધોરાજી તાલુકાના છાડવાવદર ગામમાં, કે જ્યાં ગોવિંદ ડાભી નામના ખેડૂતે ખેતરના ઉભા પાકમાં પશુઓ ચરવા મુકી દીધા. ખેડૂતે લીધેલા કપાસનો પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે. આથી ખેડૂતે તેમની ૧૮ વીઘા જમીનમાં પશુઓ ચરવા છુટા મુકી દીધા છે.

ખેડૂતને એક વીઘા દીઠ વાવેતરથી લઇને ઉત્પાદન સુધી અંદાજે ૧૮ થી ૨૦ હજારનો ખર્ચ થાય છે. પરંતુ આ ખર્ચ માથે પડ્યો છે. વરસાદમાં નાશ પામેલો પાક હવે પશુઓ ચરી રહ્યા છે. ૩૦ થી ૪૦ ભેંસો અને ઘેટાઓને ખેતરોમાં છુટા મુકી દેવાયા છે.

### પોતાની નોકરી પરથી ઘરે જમવા માટે ગયા હતા

# સુરતમાં પોલીસકર્મીનું ફરજ દરમિયાન છાતીમાં દુઃખાવા બાદ મોત

## તેમને છાતીમાં દુઃખાવો ઉપડતાં હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમનું ટૂંકી સારવાર બાદ મૃત્યુ નીપજ્યું હતું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૦**

સુરત શહેરના પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક હેડ કોન્સ્ટેબલના આકસ્મિક અવસાનથી સમગ્ર પોલીસબેડામાં સન્નાટો છવાઈ ગયો છે. રવિવારે બપોરે ઘરેથી જમીને પોલીસ સ્ટેશન આવ્યા હતા. ત્યારબાદ તેમને છાતીમાં દુખાવો ઉપડતાં હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમનું ટૂંકી સારવાર બાદ મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પાંડેસરા પોલીસ સ્ટેશનમાં છેલ્લા ત્રણ વર્ષથી હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મી રવિવારે બપોરે પોતાની નોકરી પરથી ઘરે જમવા માટે ગયા હતા. ત્યારબાદ પોલીસ સ્ટેશને પરત



ફર્યા ત્યારે અચાનક તેમની છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો, જેના પગલે તેઓ બેભાન થઈ ગયા હતા.

ઘટનાની ગંભીરતા જોતાં તાત્કાલિક તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ ફરજ પર હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. તબીબોએ પ્રાથમિક તારણમાં હાર્ટ એટેક આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરી છે. આ દુઃખદ ઘટનાના પગલે ત્રણ માસૂમ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. તેમના અકાળે અવસાનથી પરિવારજનોમાં ભારે શોકનો માહોલ છે. આજે દિવંગત હેડ કોન્સ્ટેબલને ગાર્ડ ઓફ ઓનર આપીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. આ બનાવને પગલે સુરત પોલીસ વિભાગમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

# દમણ ઈન્ટર-સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સાર્વજનિક સ્કૂલી શ્રી માછી મહાજનને ૭ વિકેટથી હરાવ્યું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**

દમણ રમત-ગમત વિભાગ દ્વારા સ્વામી વિવેકાનંદ ક્રિકેટ ગ્રાઉન્ડ, નાની દમણ ખાતે અંડર-૧૭ ઈન્ટર-સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ સાર્વજનિક સ્કૂલ નાની દમણ અને શ્રી માછી મહાજન સ્કૂલ વચ્ચે રમાઈ હતી, જેમાં સાર્વજનિક સ્કૂલ શ્રી માછી મહાજનને ૭ વિકેટથી હરાવી ચેમ્પિયન બની હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, દમણ જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા નાની દમણના સ્વામી વિવેકાનંદ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે અંડર-૧૭ ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં દમણ જિલ્લાની તમામ સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી શાળાઓની ટીમોએ ભાગ લીધો હતો.

આજે ફાઈનલ મેચ સાર્વજનિક સ્કૂલ અને માછી મહાજન સ્કૂલની ટીમો વચ્ચે રમાઈ હતી, જેમણે ટુર્નામેન્ટમાં પોતાની તમામ લીગ મેચ જીતી હતી. સાર્વજનિક સ્કૂલની ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. શ્રી માછી મહાજન ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૩૬ રન બનાવ્યા હતા. શ્રી માછી મહાજન તરફથી જીત પટેલે ૩૨ અને રુસને ૩૦ રન બનાવ્યા હતા અને સાર્વજનિક સ્કૂલના ગૌરવ દમણિયાએ ૧ વિકેટ લીધી હતી.

૧૩૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા સાર્વજનિક સ્કૂલની ટીમે ૧૮.૪ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને લક્ષ્યને હાંસલ કરતા ૭ વિકેટે વિજય મેળવ્યો હતો. સાર્વજનિક સ્કૂલ તરફથી ગૌરવ દમણિયાએ ૪૩ અને રોહિત કુમારે ૨૭ રન બનાવી ટીમની જીત માટે મહત્ત્વનો ફાળો આપ્યો હતો. સમગ્ર ટુર્નામેન્ટમાં ઓલરાઉન્ડ પ્રદર્શન બદલ ગૌરવ દમણિયાની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ગૌરવ દમણિયાએ મહત્ત્વપૂર્ણ ૪૩ રન બનાવવા ઉપરાંત એક વિકેટ પણ લીધી હતી.

# હડકાયા કૂતરાએ બચકું ભરતાં ભેંસનું મોત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ભરૂચ, તા.૧૦**

આમોદ તાલુકાના ખોબલા જેવા કોબલા ગામે હડકવાગ્રસ્ત ભેંસનું મૃત્યું થતાં સમગ્ર ગામમાં ભય સાથે હડકવાને લઈ હડકંપ મચી ગયો હતો. હડકવા ગ્રસ્ત ભેંસનું દૂધ પીધેલા ૩૭ લોકોએ આમોદ આરોગ્ય કેન્દ્રમાં જઈ વેક્સિન મુકાવવા દોટ મુકી હતી.આમોદ તાલુકાના કોબલા ગામે રહેતા જયેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાજની ભેંસને હડકાયું કૂતરું કરડી જતાં લાંબા ગાળા પાછી ભેંસને હડકવા ઉપડ્યો હતો. ત્યાર બાદ ભેંસનું ત્રણ દિવસ બાદ મોત થયું હતું. પશુ ચિકિત્સકે ભેંસને હડકવા થયો હોવાનું જણાવતા ભેંસનું દૂધ પીધેલા સ્થાનિક ગ્રાહકોમાં ચિંતા પણ પ્રસરી ગઈ હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સેલવાસના પિપરિયા સ્થિત...**

ઉપ પ્રમુખ શ્રી સુનિલ ઈજારી, કારોબારી સમિતિના સભ્યો શ્રી કલ્પેશ સોલંકી, શ્રી પ્રશાંત જગતાપ, શ્રી હિતેશ મહેતા, શ્રીમતી ભારતીબેન સુમરિયા, શ્રી પરેશ ગજ્જર, શ્રી સુધાકર ગર્ગ અને એસોસિએશનના અનેક સભ્યો હાજર રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ઔદ્યોગિક ડિરેક્ટરી - ૨૦૨૫ સેલવાસ અને આસપાસના પ્રદેશમાં કાર્યરત ઉદ્યોગો વિશે વ્યાપક અને અદ્યતન માહિતી પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી તૈયાર કરવામાં આવી છે. આ ડિરેક્ટરી ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો, વિક્રેતાઓ, નીતિ નિર્માતાઓ અને રોકાણકારો માટે મૂલ્યવાન સંદર્ભ માર્ગદર્શિકા તરીકે સેવા આપશે. તે કેન્દ્ર શાસિત પ્રદેશના વધતા ઔદ્યોગિક પરિદૃશ્ય અને વ્યાપારી સમુદાયની સહયોગી ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

આજના ઉદ્ઘાટન કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ચેરમેન શ્રી અતુલ શાહ દ્વારા આપવામાં આવ્યું હતું. SIMA પ્રકાશનની તૈયારી દરમિયાન તેમના સમર્પિત પ્રયાસો, સતત સંકલન અને પ્રતિબદ્ધતા બદલ ડિરેક્ટરીના પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી રવિ એન. પાંડેનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

SIMA આ પ્રકાશનને શક્ય બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા તમામ જાહેરાતકર્તાઓનો તેમના અમૂલ્ય સમર્થન અને વિશ્વાસ માટે ખૂબ ખૂબ આભાર પણ વ્યક્ત કરે છે. સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ દ્વારા ડિરેક્ટરીના પ્રકાશન પર શુભેચ્છાઓ પાઠવવા બદલ ખાસ આભાર માનવામાં આવ્યો હતો. સાથે તમામ વરિષ્ઠ અધિકારીઓ, તેમના પ્રોત્સાહક સંદેશાઓ માટે અને સમગ્ર કેન્દ્ર શાસિત પ્રદેશ વહીવટી તંત્રનો SIMAને તેમના માર્ગદર્શન અને સમર્થન માટે હૃદયપૂર્વક આભાર પણ વ્યક્ત કર્યો હતો.

SIMA સેલવાસમાં ઔદ્યોગિક વિકાસને ટેકો આપવા, વ્યાપાર નેટવર્કિંગને મજબૂત કરવા અને એક સંકલિત અને પ્રગતિશીલ ઔદ્યોગિક સમુદાયને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. કાર્યક્રમની આભારવિધિ શ્રી કલ્પેશ સોલંકીએ આટોપી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**શિવશક્તિ અર્ધનારીશ્વર...**

રંગબેરંગી પોશાક પહેરેલી છોકરીઓ, માથા પર પાણીના ઘડા લઈને, સમુદ્ર નારાયણ મંદિરથી મરવડના સાંઝપારડી કથા સ્થળ સુધી કળશ લઈ ગયા હતા. કળશ યાત્રા દરમિયાન, આખું શહેર બાબા ભોલેનાથના મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે નાની દમણ મરવડના સાંઝપારડી ખાતે યોજાઈ રહેલા આઠ દિવસીય શિવ શક્તિ વિશ્વ કલ્યાણ મહાયજ્ઞમાં ૧૧ થી ૧૭ નવેમ્બર દરમિયાન બપોરે ૩:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી વિદ્વાન ઉપદેશકો દ્વારા પ્રવચનો અને ૧૦ થી ૧૭ નવેમ્બર દરમિયાન રાત્રે ૮:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી વૃંદાવનના કલાકારો દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું સુંદર પ્રદર્શન રજૂ કરવામાં આવશે.

અહેવાલો અનુસાર, શિવ શક્તિ અર્ધનારીશ્વર માનવ કલ્યાણ મહાયજ્ઞ અને શ્રીમદ્ ભાગવત કથાનો આજે મરવાડના સાંઝપારડીમાં કળશ યાત્રા સાથે પ્રારંભ થયો હતો. વિશ્વના બીજા ટ્રાન્સજેન્ડર કથાકાર મહામંડલેશ્વર હેમલતા સખીની હાજરીમાં દામિની મહિલા ફાઉન્ડેશનના અધ્યક્ષા શ્રીમતી સિમ્પલ કટેલાના નેતૃત્વમાં સમુદ્ર નારાયણ મંદિરથી એક ભવ્ય કળશ યાત્રાનો પ્રારંભ થયો હતો. મહિલાઓ પોતાના માથા પર કળશ લઈને કથા સ્થળ સુધી પહોંચ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ મહાયજ્ઞ અને ભાગવત કથામાં, વિશ્વના બીજા ટ્રાન્સજેન્ડર કથાકાર મહામંડલેશ્વર હેમલતા સખી ૧૭ નવેમ્બર સુધી ભક્તોને કથામાં લીન કરશે. આ ધાર્મિક વિધિમાં શ્રીમદ્ ભાગવત કથા, યજ્ઞ, હવન, સુંદર રાસલીલા અને મહાપ્રસાદ સહિત અનેક કાર્યક્રમો યોજાશે. આ આયોજનના દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી ગોપાલભાઈ ટંડેલ(દાદા) મુખ્ય યજમાન છે, અને શ્રીમતી સિમ્પલ કટેલા સમિતિના અધ્યક્ષ છે. દમણના લોકોને શ્રીમદ્ ભાગવત કથા અને અન્ય ધાર્મિક વિધિઓમાં ભાગ લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**મરાઠા સેવા સંઘ...**

જેમાં દમણ-દીવ જિજાઉ બ્રિગેડની મહિલાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન ગણેશ વંદના અને મહારાષ્ટ્રીયન માછી નૃત્ય પ્રસ્તુત કરીને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધાં હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સેલવાસ ખાતેના કલા કેન્દ્રના સભાખંડમાં યોજાયેલા કાર્યક્રમમાં દમણ-દીવ જિજાઉ બ્રિગેડની અધ્યક્ષા શ્રીમતી લીના કરાલેના નેતૃત્વમાં મહિલાઓએ ગણેશ વંદના અને મહારાષ્ટ્રીયન માછી નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન મહાસચિવ શ્રીમતી પ્રતિભાતાઈ મનીષભાઈ સ્માર્ટના નિર્દેશનમાં કરવામાં આવ્યું હતું, જેમાં જિજાઉ બ્રિગેડની તમામ મહિલાઓનો સક્રિય સહયોગ મળ્યો હતો.

આ બે દિવસીય અધિવેશનમાં મરાઠા સેવા સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કામાજી પવારની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી, સાથે જ દેશભરમાંથી મરાઠા સેવા સંઘના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દમણ-દીવ જિજાઉ બ્રિગેડની મહિલાઓએ પોતાની સાંસ્કૃતિક પ્રતિભાનું પ્રદર્શન કરીને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું મન મોહી લીધું હતું. કાર્યક્રમના સફળ આયોજન માટે જિજાઉ બ્રિગેડની તમામ સભ્યોએ સક્રિય ભૂમિકા નિભાવી હતી અને પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

# રાષ્ટ્રીય ગીત 'વંદેમાતરમ્'ની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં સેલવાસમાં કરવામાં આવી ઉજવણી




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૧૦

ભારતનું રાષ્ટ્રીય ગીત 'વંદેમાતરમ્'ની રચનાના ૧૫૦મા વર્ષ નિમિત્તે દાદરા નગર હવેલી પ્રશાસન દ્વારા કલા કેન્દ્ર સેલવાસ ખાતે બંકિમચંદ્ર ચટોપાધ્યાય દ્વારા નિર્મિત 'વંદેમાતરમ્' ગીતને ૧૫૦ વર્ષ થતા સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી છે. કાર્યક્રમ દરમ્યાન પ્રોજેક્ટર દ્વારા દિલ્હી ખાતે ઉજવવામાં આવેલ 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષની ઉજવણીનું જીવંત પ્રસારણ દેખાડવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં 'વંદે માતરમ્' પર એક ખાસ પ્રદર્શનનું કલેક્ટરશ્રીના હસ્તે રીબીન કાપી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શનમાં ગીતના ઐતિહાસિક મહત્ત્વ, ઉત્ક્રાંતિ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેની મુખ્ય ભૂમિકા દર્શાવવામાં આવી હતી અને ગીતની ઉત્પત્તિ અને રાષ્ટ્રીય ચેતનામાં તેના કાયમી યોગદાન વિશે મૂલ્યવાન સમજ મેળવી હતી.


આ ઐતિહાસિક સિદ્ધિની રાષ્ટ્રવ્યાપી સ્મૃતિના ભાગરૂપે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંબોધનનું લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આ અવસરે કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોર, સેલવાસના આરડીસી શ્રી અમિત કુમાર, નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી, પ્રશાસનિક અધિકારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને આમલોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂતોને પાક નુકસાન સહાય માટે જાહેર કરાયેલા રૂ.૧૦ હજાર કરોડના પેકેજને વલસાડના ખેડૂતે આવકાર્યું

## રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માનવતાવાદી અભિગમ દાખવી ખેડૂતોની પડખે રહી ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છેઃ ખેડૂત મંગુભાઈ પટેલ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૦

કમોસમી વરસાદથી ધરતીપુત્રોને થયેલા પાક નુકસાની બદલ રાજ્ય સરકારે સંવેદના દાખવી રૂ.૧૦ હજાર કરોડનું ઐતિહાસિક કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર કરતા ખેડૂતો રાજ્ય સરકારના ખેડૂતલક્ષી અભિગમને આવકારી રહ્યા છે. ત્યારે વલસાડ તાલુકાના વલંડી ગામના ખેડૂતે રાજ્ય સરકારના આ પેકેજને આવકારી આભાર વ્યક્ત કર્યો છે.



વલસાડ તાલુકાના વલંડી ગામમાં નિશાળ ફળિયા ખાતે રહેતા ૬૯ વર્ષીય ખેડૂત મંગુભાઈ મોતીભાઈ પટેલે જણાવ્યું કે, મારા અત્યાર સુધીના જીવનમાં આ ચાલુ વર્ષે ૭ માસ સુધી વરસાદ પડ્યો હતો. મારા પાંચ એકર ખેતરમાં ડાંગરનો પાક તૈયાર હતો પરંતુ કમોસમી વરસાદ પડતા ખેતરમાં ઉભા પાકને ભારે નુકસાન પહોંચ્યું હતું. સંપૂર્ણ પાકને નુકસાન થયું હતું મારી જેમ અન્ય ખેડૂતો પણ ચિંતામાં મુકાયા હતા. આ સમયે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માનવતાવાદી અભિગમ દાખવી ખેડૂતોની પડખે રહી તાત્કાલિક સર્વે કામગીરી હાથ ધરાવી નુકસાનીનો અંદાજ કઢાવ્યો હતો. કુદરતના માર સામે ખેડૂતો ફરી પગભર થઈ શકે તે માટે રાજ્ય સરકારે રૂ.૧૦ હજાર કરોડની માતબર રકમની રાહત આપતુ પેકેજ જાહેર કરી ખેડૂતોની ચિંતા કરી છે. મારુ માનવું છે કે, આ સહાય પેકેજથી ખેડૂતોને રાહત થશે. રાજ્ય સરકારનો આ નિર્ણય ખેડૂતોના હિતલક્ષી છે. જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માનુ છું.

ઉલ્લેખનીય છે કે, અણધારી આફતમાંથી ખેડૂતોને ઉગારવા અને ફરી બેઠા કરવા માટે ઈતિહાસમાં પ્રથમવાર માત્ર પંચ રોજકામ કરીને ખેડૂતો માટે કોઈપણ મર્યાદા વગર રાજ્ય સરકારે ખેડૂતોના હિત પ્રત્યે પ્રતિબદ્ધતા દાખવીને રૂ.૧૦ હજાર કરોડનું ઐતિહાસિક કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે.

# વલસાડ જિલ્લાના એનએસએસ વિદ્યાર્થીઓ માટે યુવા આપદા મિત્રની તાલીમનો સુરતના વાવ ખાતે શુભારંભ

## જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપનની સજ્જતા વધારવા અને સ્થાનિક કક્ષાએ સ્વયંસેવકોનું માળખુ ઉભું કરાયું

**નિવાસી અધિક કલેક્ટર એમ.ડી.ચુડાસમાએ સુરતના વાવ ખાતે તાલીમ સ્થળનું નિરિક્ષણ કરી પ્રોત્સાહન આપ્યું**




સુનામી, પુર, ભૂકંપ, ઓદ્યોગિક અકસ્માત, સ્નેક બાઈટ, ફાયર સેફટી અને સીપીઆર સહિતની તાલીમ અપાઈ રહી છે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૦

વલસાડ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપનની સજ્જતા વધારવા અને સ્થાનિક સ્તરે સ્વયંસેવકોનું માળખું ઊભું કરવા જિલ્લાના NSS વિદ્યાર્થીઓ માટે યુવા આપદા મિત્રોની તાલીમનો શુભારંભ તા.૦૯/૧૧/૨૦૨૫ થી સુરતના વાવ ખાતે સ્થિત એસ.ડી.આર.એફ ગૃપ-૧૧ ખાતે કરવામાં આવ્યો છે. આ તાલીમ તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી યોજાનાર છે.

આ તાલીમ તબક્કાવાર આયોજન થનાર છે, જેમાં વલસાડ જિલ્લાના NSSના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓ અને માય યુવા ભારતના કુલ ૧૫૦ સ્વયંસેવકોનો બેચ આ તાલીમ મેળવશે. વલસાડ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરશ્રી, એમ.ડી.ચુડાસમા દ્વારા વાવ ખાતે આવેલા આ તાલીમ કેમ્પની મુલાકાત લેવામાં આવી હતી. તેમણે તાલીમ સ્થળનું નિરીક્ષણ કરી તાલીમાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપનનું મહત્વ સમજાવી પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે તાલીમ અંગેની ગુણવત્તા અને એસ.ડીઆર.એફ ગ્રુપ- ૧૧ દ્વારા આયોજનની સઘન સમીક્ષા કરી હતી અને તાલીમાર્થીઓનાં રહેઠાણ અને ભોજન અંગેની પણ સમીક્ષા કરી હતી.

આ તાલીમમાં આપત્તિ વ્યવસ્થા વિશેની માહિતી, સુનામી, પૂર, ભૂકંપ, ઓદ્યોગિક અકસ્માત, સ્નેક બાઈટ, ફાયર સેફટી, શોધ બચાવ અંગે ઘાયલ વ્યક્તિઓને ઉપાડવાની પદ્ધતિ, સમુદાય આધારિત પ્રાથમિક સારવાર/ સીપીઆર જેવા મહત્વના વિષયો ઉપર ૭ દિવસની નિવાસી તાલીમ આપવામાં આવી રહી છે.

# રાજ્યકક્ષાનો ૧૯મો ગણિત મહોત્સવ સ્પર્ધામાં ચીખલી એ.બી. સ્કૂલનું ઉત્કૃષ્ટ પ્રદર્શન




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી(વંકાલ), તા.૧૦

રાજ્ય કક્ષાનો ૧૯મો ગણિત મહોત્સવ જે નવસારી પરતાપોર એ.બી. સ્કૂલમાં યોજાયો હતો. જેમાં ૬જી૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ગાંવિત એરીના ઈશ્વરભાઈએ ગણિત શાસ્ત્રી શકુંતલા દેવીનો અભિનય ભજવી ગુજરાત રાજ્યની કુલ-૨૨ જીલ્લાના સ્પર્ધકોમાંથી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ઉપરાંત ઓડિયન્સ ક્વિઝ સ્પર્ધામાં પટેલ વેદ ચેતનભાઈ ધો.૧૧-જી૧ અને આહિર હેત કલ્પેશભાઈ ધો.૯-જી૪ના વિદ્યાર્થીઓએ બાજી મારી હતી. આ બદલ વિદ્યાર્થીને શાળાના ટ્રસ્ટી નિર્મલભાઈ પટેલ અને આચાર્યા પ્રિતીબેન તથા સમસ્ત શિક્ષકમિત્રોએ અભિનંદન આપી વધાવી લીધા હતા.

# વલસાડ જિલ્લામાં પાંચ સ્થળે બીજા તબક્કાના મેદસ્વિતા નિવારણ કેમ્પનો પ્રારંભ

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જિલ્લામાં પાંચ સ્થળે ૧૦ નવેમ્બરથી ૧૧ ડિસેમ્બર સુધી એક માસની શિબિર યોજાશે



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૦

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં પ્રથમ તબક્કામાં યોજાયેલી એક માસની યોગ શિબિરને ભવ્ય સફળતા મળ્યા બાદ બીજા તબક્કામાં પાંચ સ્થળોએ મેદસ્વિતા નિવારણ યોગ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

વલસાડ તાલુકાના કોસંબા ગામમાં રિલાયન્સ હોલ ખાતે સવારે ૬.૩૦ થી ૮, અબ્રામા તડકેશ્વર મહાદેવ મંદિર ખાતે સવારે ૬ થી ૮, પારડી તાલુકાના લક્ષ્મી ઉદ્યાન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સવારે ૬ થી ૭.૩૦, વાપીના ગુંજન ખાતે અંબામાતા મંદિર હોલમાં સવારે ૬ થી ૭.૩૦ અને વાપીના ડુંગરામાં હરિયા પાર્ક ખાતે અંબામાતા મંદિર ગ્રાઉન્ડ પર સવારે ૬ થી ૭.૩૦ સુધી યોગ શિબિરનો પ્રારંભ કરાતા પ્રથમ દિવસથી જ સ્વાસ્થ્ય પ્રેમીઓ ઉમટ્યા હતા.

એક માસ સુધી ચાલનારી આ પાંચ શિબિરનું સંપૂર્ણ સંચાલન ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલ રાજપૂતજીના કુશળ નેતૃત્વ હેઠળ ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડેના માર્ગદર્શનમાં વલસાડ જિલ્લા યોગ બોર્ડની ટીમ કરી રહી છે. રાજ્ય સરકારના ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત''ના સપનાને સાકાર કરવા આ યોગ શિબિર બળ પુરૂં પાડશે.

વલસાડ જિલ્લામાં વધુમાં વધુ લોકોને આ શિબિરનો લાભ મળે એ માટે બીજા તબક્કામાં શિબિરની સંખ્યા બે થી વધારીને પાંચ સ્થળે કરવામાં આવી છે જેનું સંચાલન વલસાડ જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર પ્રીતિબેન વૈષ્ણવ કરી રહ્યા છે. આ શિબિરમાં લાભાર્થીઓ રજીસ્ટ્રેશન કરી જોડાઈ રહ્યા છે. આ શિબિરમાં જોડાવા ઈચ્છતા લોકો મોબાઈલ નંબર ૯૯૯૮૨૧૩૧૪૯ પર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરી આ શિબિરનો લાભ લઈ શકે છે એવું વલસાડ જિલ્લા યોગ બોર્ડના કો-ઓર્ડિનેટર પ્રીતિબેન વૈષ્ણવે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આંતલીયા વાણીયા મીલ હાઈસ્કૂલમાં ધો. ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે ફિલ્ડ વિઝીટનું આયોજન કરાયું




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી (વંકાલ), તા.૧૦

આતલીયા વાણીયા મીલ હાઈસ્કૂલમાં ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે યોજાતા વોકેશનલ અંતર્ગત ટ્રેડ આઈ.ટી.એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર વિષયના વિદ્યાર્થીઓ માટે એક ફિલ્ડ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું.



તારીખ ૩૦/૧૦/૨૦૨૫ના રોજ આ ફિલ્ડ વિઝિટ અંતર્ગત બીલીમોરા સ્થિત આઈ.ટી.આઈ.બીલીમોરાની મુલાકાત લેવામાં આવી હતી. અહીં ચાલી રહેલા વિવિધ ટ્રેડ્સ જેમ કે,વાયર્મેન, કાપા, વેલ્ડિંગ, ઈલેક્ટ્રિકેશન વગેરેના વર્કશોપમાં વિદ્યાર્થીઓએ પ્રાયોગિક રીતે નિહાળ્યું. શાળાના લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓએ આ તકનો લાભ લીધો હતો. ટ્રેડ ઈન્સ્ટ્રક્ટરોએ વિદ્યાર્થીઓને વિવિધ મશીનો અને સાધનો વિશે વિગતવાર માહિતી આપી. સાથે જ આ તાલીમના ભવિષ્યમાં થતાં ફાયદા તથા રોજગારની સંભાવનાઓ વિષે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વોકેશનલ ટ્રેનર શ્રી દિવ્યેશભાઈ પટેલ તથા આરતીબેન પટેલ તેમજ આઈ.ટી.આઈ.બીલીમોરાના નિષ્ણાતોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉપયોગી અને પ્રેરણાત્મક માહિતી આપી.

વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ ક્ષેત્રોમાં નવી તકનીકી જાણકારી મેળવતાં ઉત્સાહ વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

# ખેલ મહાકુંભમાં ચીખલીની એ.બી. સ્કૂલની સિધ્ધિ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી(વંકાલ), તા.૧૦

કાંગવઈ ખાતે યોજાયેલી તાલુકા કક્ષાની ૨૦૨૫-૨૬ ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધામાં ચીખલીની એ.બી.સ્કૂલના વિદ્યાર્થીઓએ ખેલદિલી દર્શાવી ચેસની અંડર-૧૧ સ્પર્ધામાં કુલ-૧૨ શાળાના સ્પર્ધકોમાંથી પટેલ ધ્યેય યોગેશભાઈ ૫જી૧ પ્રથમ ક્રમ, રાઠોડ મેઘરાજ જિગ્નેશકુમાર તૃતીય ક્રમ, ચેસની અંડર-૧૪ સ્પર્ધામાં કુલ-૧૨ શાળાના સ્પર્ધકોમાંથી પટેલ નક્ષ તરૂણભાઈ ૮ઈ પ્રથમ ક્રમ, પટેલ દેવાંશ ઉપેન્દ્રભાઈ દ્વિતીય ક્રમ, પટેલ મેરી નિલેશભાઈ ૬જી૧ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે વોલીબોલ સ્પર્ધામાં અંડર-૧૪ બહેનોની સ્પર્ધામાં કુલ-૪ શાળાના સ્પર્ધકોમાંથી ધોરણ-૮ અને ૯ ની વિદ્યાર્થીનીઓએ પ્રથમ અને દ્વિતીય ક્રમ, વોલીબોલ સ્પર્ધામાં અંડર-૧૭ ભાઈઓ/બહેનોની સ્પર્ધામાં કુલ-૪ શાળાના સ્પર્ધકોમાંથી ધોરણ-૮ અને ૯ની વિદ્યાર્થીનીઓએ પ્રથમ ક્રમ, ખો-ખોની અંડર-૧૪ બહેનોની સ્પર્ધામાં કુલ-૧૨ શાળાના સ્પર્ધકોમાંથી ધોરણ-૮ અને ૯ની વિદ્યાર્થીનીઓએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે.

આ બદલ વિદ્યાર્થીને શાળાના ટ્રસ્ટી નિર્મલભાઈ પટેલ અને આચાર્યા પ્રિતીબેન તથા સમસ્ત શિક્ષકમિત્રોએ અભિનંદન આપીને વધાવી લીધી હતી.

# મરાઠા મિત્ર મંડળ ઈસનપુર દ્વારા અમદાવાદ ખાતે વિવાહ પરિચય મેળાવડાનું આયોજન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
અમદાવાદ, તા.૧૦

સમસ્ત મહારાષ્ટ્રીયન જ્ઞાતિ માટે મરાઠા મિત્ર મંડળ ઈસનપુર દ્વારા તા.૨૮-૧૨-૨૦૨૫ રવિવારે સવારે ૯ કલાકેથી વસાવડા હોલ, ફીઝીકલ ગ્રાઉન્ડ પાસે, ખોખરા, અમદાવાદ ખાતે દરેક જિલ્લાનાં વિવાહ ઈચ્છુક યુવક-યુવતિઓ માટે વિવાહ પરિચય મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાનાં અગ્રણી શ્રી અશોકભાઈ પવારે જણાવ્યું છે કે, આ વિવાહ પરિચય મેળાવડામાં સમગ્ર મહારાષ્ટ્રીયન જ્ઞાતિનાં લગ્ન ઈચ્છુક યુવક-યુવતિઓ સંપૂર્ણ બાયોડેટા અને ફોટા સાથે ઉમેદવારી નોંધાવી શકે છે. નોંધણી માટેની અંતિમ તારીખ ૧૦/૧૨/૨૦૨૫ બુધવાર છે. આ પરિચય મેળાવડામાં જોડાવવા માંગતા ઉમેદવારો મોબાઈલ ફોન નંબર ૯૩૭૫૮ ૩૩૫૧૯ પર સંપર્ક કરી સંપૂર્ણ માહિતી મેળવી શકે છે.

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:
દિપક સોલંકી : 98796 87316

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# કૃષિ પેકેજની રકમ સત્વરે ખેડૂત સુધી પહોંચે તે જરૂરી



ગુજરાત સરકારે કૃષિક્ષેત્ર માટે અત્યાર સુધીનું સૌથી મોટું એવું ૧૦ હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું છે. કમૌસમી વરસાદનો માર પડ્યા બાદ ચિંતામાં રહેલા ખેડૂતોને ભૂપેન્દ્ર પટેલની સરકારે સધિયારો આપ્યો છે. સમીક્ષા બેઠક બાદ થયેલી આ જાહેરાતથી હજારો ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે. સૌથી મોટી વાત એ છે કે જ્યાં સરવે થયો નથી તેઓ પણ રાહત માટે અરજી કરી શકશે તેવી જોગવાઈ સરકારે રાખી છે. ૪૨ લાખ હેક્ટર જમીનમાં ૧૦૦ ટકા નુકસાન ગણીને સરકારે આ નિર્ણય જાહેર કર્યો છે. નાના ખેડૂતને પણ રાહત પેકેજનો ફાયદો થશે. ગુજરાતમાં નવરાત્રિ અને દિવાળી પછી પણ વરસાદ વરસવાનું ચાલુ રહ્યું હતું. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં તો માવઠાંનો વરસાદ પણ ૧૨ ઈંચ સુધી થયો હતો. ખેતીને પારાવાર નુકસાન થયું હતું. ગત બે દાયકામાં ન થયો હોય તેવો કમૌસમી વરસાદ આ વર્ષે થયો તેને લીધે મહત્ત્વના પાકને, માર્કેટિંગ યાર્ડમાં પડેલી જણસને નુકસાન થયું હતું. ખેડૂતો હતાશામાં ધકેલાઈ ગયા હતા. રાજ્ય સરકારે જો કે મંત્રીઓને અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલી તાત્કાલિક પગલાં લીધાં હતાં. ત્રણ દિવસ પહેલાં પોષણક્ષમભાવે ખરીદી કરવાની પણ જાહેરાત થઈ હતી પરંતુ જે માર પડ્યો છે, નુકસાન થયું છે તે જોતાં ખેડૂતોને બહુ મોટી અપેક્ષા હતી. આખરે શુક્રવારે સાંજે તેમની આંખના આંસુ લુછાય તેવી જાહેરાત થઈ હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરેલી જાહેરાત અનુસાર ૧૦ હજાર કરોડ રૂપિયાની ફાળવણી ખેડૂતો માટે થશે. જેમાં ૬,૪૨૯ કરોડ કેન્દ્ર એસડીઆરએફ અને ૩,૩૮૬ કરોડ રાજ્યના અંદાજપત્રમાંથી ફાળવવામાં આવ્યા છે. પેકેજ આમ તો ૯,૮૧૫ કરોડનું થાય પરંતુ સરકારે ૧૦ હજાર કરોડની જોગવાઈ રાખી છે. મૌસમ પછી પણ વરસેલા વરસાદથી થયેલી તારાજીનો ભોગ બનેલા ૩૩ જિલ્લાના ૨૫૧ તાલુકાના ૧૬૦૦૦થી વધારે ગામના ખેડૂતો સુધી આ રાહત પહોંચશે. સરકાર બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂા. ૨૨૦૦૦ ચૂકવશે. સામાન્ય રીતે પૂર જેવી કુદરતી હોનારત કે પછી અતિવૃષ્ટિ કમોસમી વરસાદ જેવા સમયે થતા સરવે અને રાહતની ચૂકવણી સરકારી રાહે ચાલતાં હોય છે પરંતુ શ્રી ભૂપેન્દ્ર પટેલે ફક્ત ૩ દિવસમાં નુકસાનનો સરવે કરીને અહેવાલ સરકારને આપવા ઉચ્ચ સ્તરીય બેઠકમાં આદેશ આપ્યા હતા. ઝડપથી આ કાર્ય પૂર્ણ થયું હતું. જે સરકારની નિસબતની સાબિતી છે. માનવસર્જિત ઘટનાઓ વખતે જે થાય છે, કાયદો વ્યવસ્થાની સ્થિતિ વિશે ચર્ચા થતી રહે છે પરંતુ આ પેકેજ જાહેર કરીને સરકારે અગત્યનું કામ કર્યું છે. સરકાર તો રાહત જાહેર કરે જ પરંતુ પાક પદ્ધતિ, બદલાતા હવામાન સહિતના પરિબળોને ધ્યાને રાખી ખેડૂતોએ શું કરવું, સૌરાષ્ટ્રમાં જ્યાં આજે પણ પાણી માટે ખેડૂત સૌની યોજના નર્મદા પાણી ઉપર આધારિત છે ત્યાં કેવી રીતે ખેતીમાં પરિવર્તન લાવવા તેના માટેનું માર્ગદર્શન સતત જરુરી છે. જો કે અત્યારે તો ખેડૂતને કુદરતે મારેલા ઘાને રુઝવવા સરકારે મલમ ચોપડ્યો છે જે આવકાર્ય છે. સત્વરે તેની અમલવારી થાય, ખેડૂત સુધી તે રકમ પહોંચે તે જરૂરી છે.

# જ્યાં સુધી રાગદ્વેષ છે ત્યાં સુધી તત્ત્વબોધ થતો નથી

**સ્થિતપ્રજ્ઞ પુરૂષનાં લક્ષણો ભાગ-૫**

હવે ભગવાન સ્થિતપ્રજ્ઞ કેવી રીતે ચાલે છે? આ ચોથા પ્રશ્નનો જવાબ આપતાં ગીતા(૨/૬૪-૬૫)માં કહે છે કે..,

રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્વરન્
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ॥૬૪॥
પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે
પ્રસન્ન ચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે॥૬૫॥

સ્વાધિન અંતઃકરણનો કર્મયોગી સાધક રાગદ્વેષ વિનાની પોતાના વશમાં કરેલી ઈન્દ્રિયો દ્વારા વિષયોનું સેવન કરતો રહીને અંતઃકરણની નિર્મળતાને પામે છે. અંતઃકરણ નિર્મળ થતાં સાધકના સર્વ દુઃખોનો નાશ થઈ જાય છે અને એવા શુદ્ધ ચિત્તના કર્મયોગીની બુદ્ધિ નિઃસંદેહ તત્કાળ પરમાત્મામાં સ્થિર થઈ જાય છે.


સાધકનું અંતઃકરણ પોતાના વશમાં રહેવું જોઈએ. અંતઃકરણને વશીભૂત કર્યા વિના કર્મયોગની સિદ્ધિ થતી નથી, ઉલ્ટાનું કર્મ કરતો હોવાથી વિષયોમાં રાગ થવાની અને પતન થવાની સંભાવના રહે છે. મનુષ્યને કર્મો નથી બાંધતાં, પરંતુ કર્મોમાં રાગદ્વેષ જ બાંધે છે. જ્યાં સુધી રાગદ્વેષ છે ત્યાં સુધી તત્ત્વબોધ થતો નથી, ફક્ત વાતો જ શીખવા મળી છે તેમ સમજવું. અંતઃકરણને વશમાં રાખવાનું દરેક સાધક/કર્મયોગીન માટે આવશ્યકછે. વ્યવહાર કરતી વખતે ઈન્દ્રિયો પોતાના વશમાં હોવી જોઈએ અને ઈન્દ્રિયો વશમાં હોવા માટે ઈન્દ્રિયોનું રાગદ્વેષરહિત બનવું જરૂરી છે. જેનું અંતઃકરણ પોતાના વશમાં છે અને જેની ઈન્દ્રિયો રાગદ્વેષથી રહિત તથા પોતાના વશમાં કરેલી છે એવો સાધક ઈન્દ્રિયોથી વિષયોનું સેવન એટલે કે બધી જાતનો વ્યવહાર તો કરે છે પરંતુ વિષયોને ભોગવતો નથી. ભોગબુદ્ધિથી કરેલું વિષયસેવન જ પતનનું કારણ બને છે.

આગળના શ્લોકમાં ભગવાને પતન થવાની પ્રક્રિયા સમજાવી હતી. આ બે શ્લોકથી મનબુદ્ધિ પવિત્ર કરવાની પ્રક્રિયા સમજાવે છે. વિકારોથી દૂર થયેલું મન દરેક ઈન્દ્રિયો પર નિયંત્રણ રાખે છે. આ મન ભોગો ભોગવીને પણ ચિત્ત એટલે કે મનની પવિત્રતા મેળવે છે.

રાગદ્વેષરહિત થઈને વિષયોનું સેવન કરવાથી અંતઃકરણની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આ પ્રસન્નતા માનસિક તપ છે. ચિત્તની પ્રસન્નતા (સ્વચ્છતા) પ્રાપ્ત થવાથી તમામ દુઃખોનો નાશ થઈ જાય છે. કારણ કે, રાગ હોવાથી જ ચિત્તમાં ખિન્નતા થાય છે. ખિન્નતા થતાં જ કામના પેદા થઈ જાય છે. તે પ્રસન્નતાથી તમામ દુઃખો દૂર થઈ જાય છે. જેટલા પણ દુઃખો છે તે તમામ પ્રકૃતિ અને પ્રકૃતિનું કાર્ય શરીરસંસારના સબંધથી જ થાય છે. પ્રસન્નતાથી બે બાબતો બને છે. સંસારથી સબંધ વિચ્છેદ અને પરમાત્મામાં બુદ્ધિની સ્થિરતા. કર્મો પ્રમાણે તેની સામે દુઃખદાયી ઘટના અને પરિસ્થિતિ આવી શકે છે પરંતુ તેના અંતઃકરણમાં દુઃખ, સંતાપ, ખળભળાટ વગેરે વિકૃતિ આવી શકતી નથી. પ્રસન્ન(સ્વચ્છ) ચિત્તવાળાની બુદ્ધિ બહુ જ જલ્દી પરમાત્મામાં સ્થિર થઈ જાય છે, તેની બુદ્ધિમાં સહેજપણ સંદેહ રહેતો નથી. ભગવદ્‌વિષયક પ્રસન્નતા થાય કે ભગવાનને પ્રાપ્ત કરવા માટે વ્યાકુળતા થાયઆ બેમાંથી કોઈ એક પણ જો વધી જાય તો તે જલ્દી જ પરમાત્માની પ્રાપ્તિ કરાવી દે છે.

ઈન્દ્રિયો પતન કરાવનારી પણ છે અને પ્રસાદ આપનારી પણ છે. ઈન્દ્રિયો હોય જ નહીં તો જીવન કેવું હોય? જીવનની કલ્પના પણ ન થઈ શકે. ઈન્દ્રિયો બેફામ ઘોડા છે. જો તે લગામ દ્વારા કહ્યાગરી થઈ હોય તો તે પ્રસાદ પણ આપે. જીવનની પ્રસન્નતા પણ તેના દ્વારા મળે છે. આવો પ્રસાદ પ્રાપ્ત થયો હોય તો તેનાં બધાં દુઃખો હળવાં થઈ જાય છે એટલે કે હસતાં હસતાં દુઃખો સહન કરવાની શક્તિ મળે છે.

એક વિભાગ ભોગનો છે અને એક વિભાગ યોગનો છે. રાગદ્વેષથી યુક્ત ભોગી મનુષ્ય જો વિષયોનું ચિંતન પણ કરે તો તેનું પતન થઈ જાય છે પરંતુ રાગદ્વેષથી



ગીતામૃતમ્..

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

મુક્ત યોગી મનુષ્ય જો વિષયોનું સેવન પણ કરે તો તેનું પતન થતું નથી પરંતુ તે પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે. શરીરમાં ચાર બળ છે. દેહ બળયોગ્ય વ્યાયામ કસરત અને યોગ્ય આહાર-વિહારથી દેહબળ વધે છે. ઈન્દ્રિયબળ હિતકારી છે પણ ઈન્દ્રિયો વશમાં થયેલી હોવી જોઈએ. આત્મવશના માટે બે માર્ગ છે. દેહદમન કરનારૂં તપ અને પ્રભુ નામ સ્મરણ અને સત્સંગ. મનોબળ ઈન્દ્રિયબળ કરતાં વધુ પ્રભાવશાળી છે. ચંચળ મન અહર્નિશ સંકલ્પવિકલ્પ કર્યા કરતું હોય છે અને વિષયોનું સેવન કરતું રહે છે. એની પ્રેરણાથી જ ઈન્દ્રિયો વિષયો તરફ દોડે છે. આ મનને સુધારવાનું છે. બુદ્ધિબળ શરીરમાં માથું છે અને માથામાં મગજ છે. મગજમાં બુદ્ધિ રહે છે. બુદ્ધિ સૌની સરખી હોતી નથી. પ્રખર બુદ્ધિશાળી થવું એ જીવનનું સૌભાગ્ય કહેવાય છે. બુદ્ધિનું કામ સિદ્ધાંતો ઘડવાનું છે.

સર્વસામાન્ય લોકો સમજે છે કે વિષયો છોડી દો. પણ વિષયો છૂટતા નથી પરંતુ વિષયો વગર આપણું જીવન જ શક્ય નથી. સહજપ્રેરણાથી ભુખ લાગે છે અને આપણે ખોરાક લઈએ છીએ. ખોરાક છોડી શકાતો નથી, તેવી જ રીતે જીવન જરૂરિયાતને લગતી બાબતો છોડી શકાતી નથી. કહેવાતા પંડિતો સ્ત્રીને પાપી સમજે છે પણ સ્ત્રી એ જગતજનની છે. સ્ત્રી એ ક્ષેત્ર છે અને ક્ષેત્ર પાપી ન હોય, ક્ષેત્રપાલ પાપી હોય તે સંભવ છે અને આ મનના આધારે બુદ્ધિ બને અને બુદ્ધિ ઈન્દ્રિયોને હુકમ કરે અને ઈન્દ્રિયો કામ કરે. મૂળમુદ્દો એમ છે કે વિષયો છોડી શકાતા નથી પણ તેને ગૌણ બનાવી શકાય છે. ઉપનિષદ પણ તેન ત્યક્તેન ભુંજીથા કહે છે. ત્યાગીને ભોગવ એમ કહે છે. તેનો અર્થ એકલો ભોગવ એમ નહિ. સુખની વહેંચણી કરવાથી એ વધે છે. આ દુનિયામાં જેટલા ભોગો છે તે બધા જ મારે ભોગવવાના છે પણ તે એકલા ભોગવવાના નથી, કોઈને સાથે રાખીને ભોગવવાનાં છે.

જગતગુરૂ શંકરાચાર્ય કહે છે કે ન મે દ્વેષરાગો ન મે લોભમોહો મદોનૈવ મેનૈવ માત્સર્યભાવ.. હું તો ચિદાનંદરૂપ શિવોહમ્ છું. આ રીતનું જેનું મન થયું તે જ્ઞાન જલ્દીથી મેળવી શકે અને ભગવાનમાં પોતાનું મનબુદ્ધિચિત્ત ચોંટાડી શકે અને આમ સાધનાયોગ માણસ માણી શકે. આખરે મનબુદ્ધિ પવિત્ર કરવા અને તેને ભગવાન સાથે એકરૂપ કરવા એ જ સાધના છે અને તેનાથી ભગવાન સાથે મિલન કરવું શક્ય છે.

નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના
ન ચાભાવયતઃ શાંતિરશાન્તસ્ય કુતઃ સુખમ્




જે પુરૂષે મન અને ઈન્દ્રિયો જીત્યાં નથી તેનામાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ હોતી નથી તેમજ નિશ્ચયાત્મિકા બુદ્ધિ ના હોવાથી તે અયુક્ત(અસંયમી)માણસમાં નિષ્કામભાવ અથવા કર્તવ્યપરાયણતાનો ભાવ હોતો નથી, નિષ્કામ ભાવ ન હોવાથી તેને શાંતિ મળતી નથી પછી શાંતિ વિનાના માણસને સુખ ક્યાંથી મળે? (ગીતાઃ૨/૬૬)

અહીં કર્મયોગનો વિષય છે. કર્મયોગમાં મન અને ઈન્દ્રિયો સંયમ કરવો મુખ્ય હોય છે. વિવેકપૂર્વક સંયમ કર્યા વિના કામના નષ્ટ થતી નથી. કામના નષ્ટ થયા વિના બુદ્ધિની સ્થિરતા થતી નથી. જેનાં મન અને ઈન્દ્રિયો સંયમિત નથી એવા અયુક્ત(અસંયમી) પુરૂષની કેવળ મારે પરમાત્મા પ્રાપ્તિ જ કરવી છે એવી એક નિશ્ચયવાળી બુદ્ધિ હોતી નથી. કારણ કે મન અને ઈન્દ્રિયો સંયમિત નહીં હોવાથી તે ઉત્પત્તિ વિનાશશીલ સાંસારીક ભોગો અને સંગ્રહમાં જ લાગ્યો રહે છે. તે ક્યારેક માન ઈચ્છે છે, ક્યારેક સુખ-આરામ ઈચ્છે છે, ક્યારેક ધન ઈચ્છે છે તો ક્યારેક ભોગ ઈચ્છે છે. આ રીતે તેની અંદર અનેક જાતની કામનાઓ થતી રહે છે એટલા માટે તેની બુદ્ધિ એક નિશ્ચયવાળી હોતી નથી.

જેની બુદ્ધિ વ્યવસાયાત્મિકા નથી હોતી તેની મારે તો ફક્ત પોતાના કર્તવ્યનું પાલન કરવું છે અને ફળની ઈચ્છા, કામના, આસક્તિ વગેરેનો ત્યાગ કરવો છે એવી ભાવના હોતી નથી. આવી ભાવના નહીં હોવાનું કારણ પોતાનું ધ્યેય સ્થિર નહીં હોવું તે છે. જે પોતાના કર્તવ્યને પરાયણ રહેતો નથી તેને શાંતિ મળતી નથી. જે અશાંત છે તે સુખી કેવી રીતે થઈ શકે? કારણ કે તેના હૃદયમાં હરદમ ખળભળાટ થતો રહે છે. તૃષ્ણા છે ત્યાં સુધી સુખની ગંધમાત્ર મળતી નથી.

જેનું મન વારંવાર બદલે છે તે ચંચળ કહેવાય અને જેનું મન ચંચળ હોય તેની બુદ્ધિ પણ અસ્થિર બને છે. આ અસ્થિર મન જ્ઞાન ન મેળવી શકે તેથી ધ્યાનસ્થ ન થઈ શકે. ધ્યાન ન લાગે તો શાંતિ મળતી નથી અને શાંતિ ન મળે તો સુખ મળતુ નથી. જ્ઞાનં બ્રહ્મ આ વાત જીવનમાં દ્રઢ થવી જોઈએ. સર્વ જ્ઞાનમયો હિ નિત્યમ્ આ વૃત્તિ ઉભી થવી જોઈએ. શિવોહં હું જ જ્ઞાનરૂપ છું. આ સ્થિતિ પર પહોંચવું જોઈએ તો જ શાંતિ મળે. આ કંઈ રમત વાત નથી કે એક ઘા અને બે કટકાની જેમ તરત પરિણામ મળે. આ માટે લાંબો સમય સુધી પ્રયત્ન કરવો પડે ત્યારે એકાદ વખત અનુભૂતિ થાય તો થાય.. પણ આપણો પ્રયત્ન પ્રામાણિક હોવો જોઈએ.

# ૧૧ નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ

## ભણતર થકી જ શક્ય છે ગણતર, ઘડતર અને જીવનનું ચણતર

## દેશમાં સંપૂર્ણ શિક્ષણ દરેક માટે મફત હોવું જરૂરી

**ભા**રત દર વર્ષે ૧૧ નવેમ્બરનાં રોજ રાષ્ટ્રીય શિક્ષણ દિવસની ઉજવણી ભારતનાં પ્રથમ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન મૌલાના અબુલ કલામ આઝાદની જન્મ જયંતિની ઉજવણી માટે કરે છે. મૌલાના આઝાદનો જન્મ ૧૧ નવેમ્બર, ૧૮૮૮નાં રોજ થયો હતો. આઝાદી પછી ૧૯૫૨માં મૌલાના આઝાદ ઉત્તરપ્રદેશનાં રામપુર જિલ્લામાંથી સાંસદ તરીકે ચૂંટાયા અને ભારતનાં પ્રથમ શિક્ષણ પ્રધાન બન્યા. આઈઆઈટી ખડગપુરની પ્રથમ ભારતીય ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીની સ્થાપના મૌલાના અબુલ કલામ આઝાદે કરી હતી. સ્વતંત્ર ભારતનાં શિક્ષણપ્રધાન મૌલાના આઝાદે રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીની રચના કરી. નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણ એ પ્રાથમિક ઉદ્દેશ હતો. મૌલાના આઝાદે એકવાર કહ્યું હતું કે શાળાઓ પ્રયોગશાળાઓ છે, જે દેશના ભાવિ નાગરિકોનું ઉત્પાદન કરે છે. સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશન (સીએબીઈ)ની પ્રથમ બેઠકને સંબોધિત કરતા મૌલાના આઝાદે કહ્યું હતું કે, કોઈપણ સિસ્ટમનો પ્રાથમિક ઉદ્દેશ સંતુલિત મન બનાવવાનો છે કે જેને ગેરમાર્ગે દોરી ન શકાય. આઈઆઈટી ખડ્‌ગપુર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) ઉપરાંત, મૌલાના અબુલ કલામ આઝાદ દ્વારા ઓલ ઈન્ડિયા ટેક્નિકલ એજ્યુકેશનની સ્થાપના પણ કરવામાં આવી હતી. ભારતીય સાંસ્કૃતિક સંબંધો (આઈસીસીઆર), સાહિત્ય અકાદમી, લલિત કલા અકાદમી, સંગીત નાટક અકાદમી અને કાઉન્સિલની સ્થાપનાનો શ્રેય પણ મૌલાના અબુલ કલામ આઝાદને જાય છે.



શિક્ષણ, રાષ્ટ્ર નિર્માણ અને સંસ્થા નિર્માણનાં ક્ષેત્રમાં મૌલાના અબુલ કલામ આઝાદનું પ્રદાન અનુકરણીય છે. તેઓ ભારતમાં શિક્ષણનાં મુખ્ય આર્કિટેક્ટ છે. તેઓ ૧૯૪૭ થી ૧૯૫૮ દરમિયાન સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણ પ્રધાન હતા. ૧૯૯૨માં તેમને ભારતનાં સર્વોચ્ચ નાગરિક સન્માન મરણોત્તર ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

કોઈ પણ દેશ માટે શિક્ષણ એ ખુબ જરૂરી બાબત છે. સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને વિદ્યા મેળવી અને પોતાનાં જીવનને સાર્થક બનાવ્યું. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. પ્રથમ તો સંપૂર્ણ શિક્ષણ દરેક માટે મફત હોવું જોઈએ, કારણ કે, વિકસિત દેશના સપનાને સાકાર કરવા માટે દરેક વ્યક્તિ શિક્ષિત હોવો પણ એટલો જ જરૂરી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછી નિસ્બત રાખે છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર પણ શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે.

(મિત્તલ ખેતાનીન- મો.

# સદ્‌ગુરૂની મહિમા

**એક** પંડિત દરરોજ રાજમહેલમાં જઈને મહારાણીને કથા સંભળાવતા હતા. કથાના અંતે તે બધા શ્રોતાઓને કહેતા કે 'રામનામ લેવાથી બંધનો તૂટી જાય છે.' તે સમયે મહારાણીએ પિંજરામાં પુરેલ પોપટ કહેતો હતો કે 'પંડિત આવું જુઠું ન બોલો!' આવું સાંભળીને પંડિતજીને ઘણો ગુસ્સો આવતો કે પોપટના આમ બોલવાથી મહારાણી અને લોકો મારા વિશે શું વિચારશે! આ સમસ્યા લઈને પંડિતજી એકવાર તેમના ગુરૂ પાસે જાય છે અને તેમને બધી વિગતવાર વાત કહે છે. કેટલાક દિવસ પછી ગુરૂજી રાજમહેલમાં રૂબરૂ આવીને પોપટ પાસે જઈને પુછ્યું કે 'તૂં આવું કેમ બોલે છે?'

પોપટે કહ્યું કે પહેલાં હું ખુલ્લા આકાશમાં ઉડતો હતો. એકવાર હું એક આશ્રમમાં કે જ્યાં ઘણાં બધાં ઋષિમુનિઓ રામનામનો જપ કરતા હતા ત્યાં જઈને મેં પણ રામનામનો જપ કરવાનું શરૂ કર્યું. એક દિવસ જ્યારે હું તે આશ્રમમાં રામનામનો જપ કરી રહ્યો હતો ત્યારે એક સંતે મને પકડીને પિંજરામાં બંધ કરી દીધો અને મને કેટલાક શ્લોકો શીખવ્યા. એકવાર એક શેઠે આશ્રમમાં આવીને થોડા પૈસા આપીને મને ખરીદી લીધો. હવે શેઠે મને ચાંદીના પાંજરામાં રાખ્યો અને મારૂં બંધન વધતું ગયું. શેઠના પિંજરામાંથી નીકળી જવાની કોઈ શક્યતા નહોતી. એક દિવસ શેઠે



બોધ કથા

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

પોતાનું કામ કઢાવવા માટે મને રાજાને ભેટમાં આપી દીધો. રાજાએ ખુશીથી મારો સ્વીકારી કર્યો કારણ કે હું રામનામનું ઉચ્ચારણ કરતો હતો તે રાજાને પ્રિય લાગતું હતું. રાજાની મહારાણી ધાર્મિક હતી તેથી રાજાએ મને મહારાણીને સોંપી દીધો. હવે હું કેવી રીતે માનું કે રામનામ લેવાથી બંધનમાંથી મુક્તિ મળે છે?

પોપટ કહે છે કે ગુરૂજી આપ જ મને કોઈ યુક્તિ બતાવો કે જેનાથી મારૂં બંધન તૂટે, ત્યારે ગુરૂજી કહે છે કે આજે તૂં ચૂપચાપ સૂઈ જા, સહેજપણ હલવાનું પણ નહીં એટલે મહારાણી સમજશે કે પોપટ મરી ગયો છે એટલે તને પીંજરામાંથી છોડી મુકશે. ગુરૂજીના આદેશ અનુસાર બીજા દિવસે કથા પુરી થયા પછી પોપટે બોલવાનું બંધ કરી દીધું, ડોક મરડાઈ ગઈ છે એટલે રાણી સમજી કે પોપટ મરી ગયો છે એટલે રાણીએ પિંજરૂ ખોલ્યું એવો જ પોપટ પિંજરામાંથી નીકળીને આકાશમાં ઉડતાં ઉડતાં બોલ્યો કે રામનામ લેવાથી બંધનો ન તૂટે, સદ્‌ગુરૂ મળે તો જ બંધન છૂટે.. સાર એટલો જ સમજવાનો કે તમામ શાસ્ત્રો વાંચી લો, ગમે તેટલા જપ તપ કરી લો પરંતુ સાચા શ્રોત્રિય(ક્ષૌત્રિય એટલે જેને શ્રુતિ એટલે કે વેદોના સાર તત્ત્વનું જ્ઞાન છે. જેને બ્રહ્માનુભૂતિ કરેલ છે અને બ્રહ્મમાં એક નિષ્ઠા છે. પરમાત્મા તત્ત્વનું જેને દર્શન કરેલ છે.) બ્રહ્મનિષ્ઠ તત્ત્વવેત્તા સદ્‌ગુરૂ ન મળે ત્યાં સુધી સંસારની મોહમાયાના બંધનમાંથી છૂટકારો થતો નથી.

# વધારે પડતી ઠંડી કે ગરમી હાર્ટ ફેલ્યોરનું જોખમ વધારે:રિસર્ચના આધારે વિજ્ઞાનીઓની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

વિશ્વભરમાં ક્લાઈમેટ ચેન્જની વરવી અસરો જોવા મળી રહી છે. આ દરમિયાન સ્વીડનના એક રિસર્ચ રિપોર્ટના ચોંકાવનારા તારણો સામે આવ્યા છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે, અતિ ઠંડા કે અતિ ગરમ વાતાવરણમાં હાર્ટ ફેલ્યોરથી મોતનું જોખમ નોંધપાત્ર રીતે વધી જાય છે. ૨૦૨૫માં હીટવેવના દિવસોમાં એવરેજ ૩૦ દિવસનો વધારો નોંધાયો હતો. ત્યારે, આ ડેટાએ ચિંતા વધારી છે. હાર્વર્ડ ટી.એચ. ચાન સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના નિષ્ણાત વેનલી ની અને સ્વીડિશ સહયોગીઓની ટીમની રિસર્ચ જામા કાર્ડિયોલોજી જર્નલમાં પ્રકાશિત કરવામાં આવી છે. જેમાં, હાર્ટ ફેલ્યોરના દર્દીઓમાં અતિશય ગરમી કે ઠંડીના સંપર્ક અને મોતના જોખમ સાથે સીધો સંબંધ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રિસર્ચ ટીમે ૨૦૦૬થી ૨૦૨૧ની વચ્ચે સ્વીડનમાં મૃત્યુ પામેલા હૃદયરોગના દર્દીઓના ડેટાનો અભ્યાસ કર્યો હતો. આ સ્ટડીમાં સામે આવ્યું છે કે, ઠંડીના કારણે મોતનું જોખમ ૧૨ ટકા વધી જાય છે. જ્યારે, ગરમીના કારણે જોખમમાં ૭ ટકાનો વધારો થાય છે. હૃદયરોગના દર્દીઓમાં શરીર થર્મલ સ્ટ્રેસ હેઠળ ફ્લુઈડ્સ અને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવા માટે સંઘર્ષ કરે છે. જેના કારણે હૃદયના ધબકારા વધી જાય છે. આ દર્દીઓ તાપમાનના અતિરેકને સહન કરી શકતા નથી. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, અતિ ગરમી કે અતિ ઠંડી દરમિયાન બહાર જવાનું ટાળવું. ઘરમાં એર કન્ડિશનર કે હીટરનો યોગ્ય ઉપયોગ કરીને તાપમાનને નિયંત્રિત રાખવું. ગરમીમાં ડિહાઈડ્રેશનને કારણે હાર્ટ પર સ્ટ્રેસ વધતો હોવાથી પૂરતું પાણી પીવું. હાર્ટ પેશન્ટએ દવાઓ અને આરામનું નિયમિત પાલન કરવું. આ સ્ટડીથી સાબિત થયું છે કે, હવે હવામાનને પણ હાર્ટ હેલ્થનો ભાગ ગણવો પડશે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

આધુનિક મોડેલોના આધારે વિકાસ કરાશે

## દિલ્હીનું જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ તોડી પાડવામાં આવશે

**દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમને તોડીને ૧૦૨ એકર જમીન પર નવું "સ્પોર્ટ્સ સિટી" બનાવવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦ :** રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એક મોટા સ્પોર્ટ્સ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રમતગમત મંત્રાલયના ટોચના સૂત્રોના જણાવ્યા અનુસાર, જવાહરલાલ નહેરુ સ્ટેડિયમને તોડીને તેના સ્થાને એક નવું 'સ્પોર્ટ્સ સિટી' બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ ૧૦૨ એકરમાં ફેલાયેલો હશે.

આ નવા સ્પોર્ટ્સ સિટીના નિર્માણ માટે કતાર અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ઉપયોગમાં લેવાતા આધુનિક રમતગમત મોડેલોનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટનો હેતુ દિલ્હીમાં એક અત્યાધુનિક રમતગમત માળખાકીય સુવિધા બનાવવાનો છે જે આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરે છે.

મળતી માહિતી અનુસાર, જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ હાલમાં જે જમીન પર ઉભું છે તેનો સંપૂર્ણ પુનર્વિકાસ કરવામાં આવશે. નવું સ્પોર્ટ્સ સિટી ૧૦૨ એકરમાં ફેલાયેલું હશે, જે તેને દેશની અગ્રણી રમતગમત સુવિધાઓમાંનું એક બનાવશે. આ પ્રોજેક્ટનો હેતુ રમતગમતને સમર્પિત એક સંકલિત અને આધુનિક રમતગમત કેન્દ્ર સ્થાપિત કરવાનો છે.

નવું રમતગમત શહેર વિશ્વસ્તરીય છે તેની ખાતરી કરવા માટે, રમતગમત મંત્રાલયની ટીમો કતાર અને ઓસ્ટ્રેલિયામાં સફળ રમતગમત મોડેલોનો સંપૂર્ણ અભ્યાસ કરી રહી છે. આ આંતરરાષ્ટ્રીય મોડેલોનો અભ્યાસ ડિઝાઈન અને સુવિધાઓને અંતિમ સ્વરૂપ આપવા માટે કરવામાં આવશે. જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ૧૯૮૨ એશિયન ગેમ્સ માટે બનાવવામાં આવ્યું હતું અને બાદમાં ૨૦૧૦ કોમનવેલ્થ ગેમ્સ માટે તેનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. તે લાંબા સમયથી ભારતના સૌથી ફેમસ મલ્ટી-સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાંનું એક રહ્યું છે. આશરે ૬૦,૦૦૦ લોકોની ક્ષમતા સાથે આ સ્ટેડિયમમાં મુખ્ય એથ્લેટિક્સ ઈવેન્ટ્સ, ફૂટબોલ મેચો, મુખ્ય કોન્સર્ટ અને નેશનલ સેલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીનો સમાવેશ થાય છે.

ઐતિહાસિક રીતે, આ સ્ટેડિયમ રાષ્ટ્રીય એથ્લેટિક્સ ટીમનું હોમ વેન્યુ રહ્યું છે અને ચાર દાયકાથી વધુ સમયથી ભારતના રમતગમત ઈતિહાસમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

CSK છોડવાની અટકળો તેજ

## ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ગાયબ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦ :** ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની આગામી સીઝન માટે મીની ઓક્શન ૧૫ ડિસેમ્બરે થવાની ધારણા છે. ઓક્શન પહેલા બધી ટીમોએ ૧૫ નવેમ્બર સુધીમાં તેમની રીટેન્શન યાદીઓ સબમિટ કરવાની રહેશે. આ વચ્ચે સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાને લઈને ચર્ચા વધી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) IPL 2026 પહેલા રાજસ્થાન રોયલ્સ (RR)ના કેપ્ટન સંજુ સેમસન માટે જાડેજા અને સેમ કુરનને ટ્રેડ કરી શકે છે.




ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે સંભવિત ટ્રેડ કરારની ચર્ચા ચાલુ છે. દરમિયાન રવિન્દ્ર જાડેજાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ સોમવારે અચાનક ગાયબ થઈ ગયું, જેના કારણે સોશિયલ મીડિયા પર અટકળો શરૂ થઈ ગઈ. જાડેજાનું સત્તાવાર યુઝરનેમ, 'royalnavghan', હવે ઈન્સ્ટાગ્રામ પર દેખાતું નથી.

રવિન્દ્ર જાડેજાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરની પ્રોફાઈલ લિંક પણ બ્રોકન દેખાય છે. જો કે, તે સ્પષ્ટ નથી કે જાડેજાએ પોતાનું એકાઉન્ટ જાતે ડિએક્ટિવેટ કર્યું હતું કે કોઈ અન્ય ટેકનિકલ કારણોસર, તેની IPL કારકિર્દી અંગે પ્રશ્નો વધુ ઘેરા બન્યા છે. રસપ્રદ વાત એ છે કે, રવિન્દ્ર જાડેજાની પહેલી IPL ટીમ રાજસ્થાન રોયલ્સ હતી.

રવિન્દ્ર જાડેજા ૨૦૦૮માં માત્ર ૧૯ વર્ષની ઉંમરે રાજસ્થાન રોયલ્સ માટે રમ્યો હતો. રાજસ્થાને શરૂઆતની સિઝનમાં તેનું પહેલું ટાઇટલ જીત્યું હતું. ત્યારથી ટીમ ચેમ્પિયન બની નથી. ૨૦૧૦માં કરારના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ જાડેજાને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જાડેજા ૨૦૧૨માં ચેન્નાઈ સુપર કિંગ્સમાં જોડાયો.

રવીન્દ્ર જાડેજાએ ચેન્નાઈ સુપર કિંગ્સે જીતેલા પાંચ IPL ટાઈટલમાંથી ત્રણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૨૦૨૨માં તેને ટીમનો કેપ્ટન પણ બનાવવામાં આવ્યો હતો, પરંતુ ખરાબ પ્રદર્શનને કારણે તેણે સીઝનની મધ્યમાં આ ભૂમિકા છોડી દીધી. જાડેજાને IPL 2025 માટે CSK દ્વારા ૧૮ કરોડમાં રિટેન કરવામાં આવ્યો હતો.

૩૬ વર્ષીય રવિન્દ્ર જાડેજાએ અત્યાર સુધીમાં ૨૫૪ IPL મેચ રમી છે, જેમાં ૩,૨૬૦ રન બનાવ્યા છે અને ૧૭૦ વિકેટ લીધી છે. તે CSK માટે બીજા ક્રમે સૌથી વધુ વિકેટ લેનાર બોલર (૧૫૨) છે. ડ્વેન બ્રાવોએ ૧૫૪ સાથે CSK માટે સૌથી વધુ વિકેટ લીધી છે. ૨૦૨૩ની IPL ફાઈનલમાં છેલ્લી ઓવરમાં જાડેજાના શાનદાર બેટિંગ પ્રદર્શનથી તેમની ટીમને જીતવામાં મદદ મળી.

ટુર્નામેન્ટમાં કુવૈત, યુએઈ અને નેપાળ સામે ભારતીય ટીમનો પરાજય

## હોંગકોંગ સિક્સિસ ટુર્નામેન્ટમાંથી ટીમ ઈન્ડિયા બહાર થઈ

**ગ્રુપ-સીમાં ભારતને પોતાની પ્રથમ મેચમાં કુવૈત સામે ૨૭ રને પરાજયનો સામનો કરવો પડ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**હોંગકોંગ, તા.૧૦ :** હોંગકોંગમાં રમાઈ રહેલી હોંગકોંગ સિક્સિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફેવરિટ ગણાતી ભારતીય ક્રિકેટ ટીમ નોક-આઉટ રાઉન્ડમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી અને તેનું અભિયાન સમાપ્ત થઈ ગયું હતું. આ ટુર્નામેન્ટમાં ૬-૬ ઓવરની મેચ હોય છે અને બંને ટીમમાં છ છ ખેલાડીઓ રમે છે. ભારતીય ટીમમાં દિનેશ કાર્તિક, રોબિન ઉથપ્પા, પ્રિયાંક પંચાલ, અભિમન્ય મિથુન, સ્ટુઅર્ટ બિન્ની, શાહબાઝ નદીમ જેવા ખેલાડીઓ હોવા છતાં તેને કુવૈત, યુએઈ અને નેપાળ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પાકિસ્તાની ટીમ સામે પણ ભારતે બે રને વિજય નોંધાવ્યો હતો અને મેચનું પરિણામ ડકવર્થ લૂઈસ સિસ્ટમને આધારે આવ્યું હતું.

ગ્રૂપ-સીમાં ભારતને પોતાની પ્રથમ મેચમાં કુવૈત સામે ૨૭ રને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ભારતીય ટીમ કુવૈતના બેટર્સને નિયંત્રણમાં રાખી શક્યા ન હતા. કુવૈત માટે યાસિન પટેલે ૧૪ બોલમાં ૫૮ રન ફટકાર્યા હતા જેની મદદથી ટીમે છ ઓવરમાં પાંચ વિકેટે ૧૦૬ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૫.૪ ઓવરમાં છ વિકેટે ૭૯ રન જ નોંધાવી શકી હતી. કુવૈત સામે મળેલા પરાજયના થોડા કલાકો બાદ ભારતીય ટીમને વધુ એક ઝાટકો લાગ્યો હતો અને UAE સામે ચાર વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. અભિમન્યુ મિથનના ૫૦ અને દિનેશ કાર્તિકના ૪૨ રનની મદદથી ભારતે ત્રણ વિકેટે ૧૦૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો પરંતુ UAEએ ૫.૫ ઓવરમાં બે વિકેટના નુકસાને ૧૧૧ રન નોંધાવીને મેચ જીતી લીધી હતી. ઉપરા-ઉપરી બે પરાજય બાદ ભારતની ત્રીજી મેચ નેપાળ સામે હતી જેમાં ભારતને ૯૨ રનના જંગી અંતરથી પરાજય મળ્યો હતો. નેપાળે તોફાની બેટિંગ કરતા છ ઓવરમાં વિના વિકેટે ૧૩૭ રન ખડકી દીધા હતા. જેમાં વિકેટકીપર કેપ્ટન સંદીપ જોરાએ પાંચ સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૧૨ બોલમાં અણનમ ૪૭ રન ફટકાર્યા હતા. જ્યારે રાશિદ ખાને ૧૭ બોલમાં ૫૫ રન ફટકાર્યા હતા જેમાં તેણે ચાર ચોગ્ગા અને છ સિક્સર ફટકારી હતી. રાશિદ ખાન રિટાયર્ડ હર્ટ થયો હતો. તેના સ્થાને બેટિંગમાં આવેલા લોકેશ બામે સાત બોલમાં ૩૧ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. જેની સામે ભારતીય ટીમ ત્રણ ઓવરમાં છ વિકેટે ૪૫ રન જ નોંધાવી શકી હતી.

# ફરીદાબાદની મેડિકલ કોલેજમાંથી બે AK-47 અને ૩૫૦ કિલો RDX જપ્ત

**ડો.આદિલ સાથે વધુ એક ડોક્ટરની ધરપકડ : મેડિકલ કોલેજ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય એક ડોક્ટર દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે જમ્મુ અને કાશ્મીર પોલીસે કાર્યવાહી કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ફરીદાબાદ, તા.૧૦**

હરિયાણાના ફરીદાબાદ જિલ્લામાં એક મેડિકલ કોલેજમાંથી બે AK-47 રાઈફલ અને અંદાજે ૩૫૦ કિલોગ્રામ વિસ્ફોટકો મળી આવ્યા છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે આ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. મેડિકલ કોલેજ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય એક ડોક્ટર દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે જમ્મુ અને કાશ્મીર પોલીસે ફરીદાબાદમાં કાર્યવાહી કરી હતી.

અગાઉ, અનંતનાગમાં સરકારી મેડિકલ કોલેજમાં ડૉ.આદિલના લોકરમાંથી એક AK-47 રાઈફલ મળી આવી હતી. આદિલની ધરપકડ બાદ બીજા એક ડોક્ટરની પણ અટકાયત કરવામાં આવી હતી. પોલીસ તપાસ ડૉ.આદિલથી શરૂ થઈ હતી, જે થોડા દિવસો પહેલા શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના પોસ્ટર લગાવવાના આરોપમાં સહારનપુર (ઉત્તર પ્રદેશ) માં ધરપકડ કરાયેલા ડૉક્ટર હતા. ડૉ. આદિલ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગમાં સરકારી મેડિકલ કોલેજમાં રેસિડેન્ટ ડૉક્ટર તરીકે કામ કરતા હતા. તેમની ધરપકડ બાદ પોલીસે તેમના જૂના લોકરની તપાસ કરી અને એક AK-47 રાઈફલ મળી આવી.

ડો.આદિલની ધરપકડ બાદ પોલીસે અનંતનાગથી બીજા ડોક્ટરની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન આ ડોક્ટરે મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી, જેના કારણે પોલીસ ટીમ હરિયાણાના ફરીદાબાદ ગઈ હતી. ત્યાં બીજા ડોક્ટરના ફ્લેટ પર દરોડા પાડવામાં આવ્યા બાદ બે AK-47 રાઈફલ અને મોટી માત્રામાં વિસ્ફોટકો મળી આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ત્રણ ડોક્ટર સતત સંપર્કમાં હતા અને તેમના તાર દક્ષિણ કાશ્મીરના કેટલાક વિસ્તારોથી હરિયાણા સુધી ફેલાયેલા હતા.

જમ્મુ અને કાશ્મીર પોલીસના વરિષ્ઠ અધિકારીઓ કહે છે કે આ કેસ હવે ફક્ત પોસ્ટરો અથવા વ્યક્તિગત સંડોવણી કરતાં ઘણો વ્યાપક છે. પ્રારંભિક તપાસમાં એક સંગઠિત નેટવર્કનો ખુલાસો થયો છે જે તબીબી સંસ્થાઓના આડમાં આતંકવાદીઓને મદદ કરી રહ્યું હતું.



પોલીસે જણાવ્યું હતું કે, આગામી ત્રણથી ચાર કલાકમાં આ કેસમાં મોટી સફળતા મળશે. પ્રારંભિક અહેવાલો અનુસાર, અત્યાર સુધીમાં ત્રણ ડોક્ટરોની ધરપકડ કરવામાં આવી છે અને ઘણા વધુ નામોની તપાસ ચાલી રહી છે.

છેલ્લા ત્રણ દિવસથી, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ સતત દરોડા પાડી રહી છે. અહેવાલ મુજબ આશરે ૫૦૦ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે અને ૩૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે અથવા અટકાયત કરવામાં આવી છે. આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે તે બધાની પૂછપરછ કરવામાં આવી રહી છે.

ફરીદાબાદમાં વિસ્ફોટકો મળ્યા બાદ સ્થાનિક પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. NIA અને ઈન્ટેલિજન્સ બ્યુરોની ટીમો પણ તપાસમાં જોડાઈ છે. ફોરેન્સિક ટીમોએ જપ્ત કરેલા શસ્ત્રો અને વિસ્ફોટકો જપ્ત કર્યા છે અને હાલમાં તેમની તપાસ કરી રહી છે.

આ સમગ્ર કેસથી તબીબી સમુદાયમાં પણ ખળભળાટ મચી ગયો છે. આવા આતંકવાદી કાવતરામાં શિક્ષિત અને જવાબદાર ડોકટરો કેવી રીતે સામેલ થઈ શકે છે તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. પોલીસ તપાસ કરી રહી છે કે શું આ વ્યક્તિઓ કોઈ આતંકવાદી સંગઠન પાસેથી ભંડોળ કે સમર્થન મેળવી રહ્યા હતા કે દબાણ હેઠળ કામ કરી રહ્યા હતા.

જમ્મુ અને કાશ્મીર પોલીસે સ્પષ્ટતા કરી છે કે, આ અંગે તપાસ ચાલુ છે અને આ સમગ્ર કાવતરા પાછળનો "માસ્ટરમાઈન્ડ" ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. અધિકારીઓના મતે, આ ફક્ત જમ્મુ અને કાશ્મીર જ નહીં પરંતુ સમગ્ર દેશમાં ફેલાયેલા નેટવર્કનો ભાગ હોઈ શકે છે.

## મુઝફ્ફરનગરમાં ફી ન ભરી એટલે પરીક્ષામાં બેસવા ન દેનારા, વિદ્યાર્થીએ આત્મવિલોપન કર્યું

**આગ લગાવતા પહેલા વીડિયોમાં ઉજ્જવલના ગંભીર આરોપો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુઝફ્ફરનગર, તા.૧૦**

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરના બુઢાણા સ્થિત ડીએવી કોલેજમાં બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૨૨ વર્ષીય વિદ્યાર્થી ઉજ્જવલ રાણા, જે બાગપત જિલ્લાના ભડલનો રહેવાસી છે, તેને કોલેજની પાંચ હજાર રૂપિયાની ફી માટે આચાર્યએ માર માર્યો. ત્યાર બાદ પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક પણ કરી. ત્યારે આ અપમાનથી વ્યથિત થઈને વિદ્યાર્થીએ કૉલેજના ક્લાસરૂમમાં જ પેટ્રોલ છાંટીને આગ લગાવીને આત્મહત્યા કરી લીધી.

ઉજ્જવલને ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં દિલ્હી ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જેમાં રવિવારે રાત્રે તેનું મોત થઈ ગયું છે. આ દુર્ઘટનાથી ગુસ્સે ભરાયેલા અન્ય વિદ્યાર્થીઓએ કોલેજના ગેટ પર વિરોધ પ્રદર્શન કર્યું. મેરઠના સરધનાના રહેવાસી આચાર્ય પ્રદીપ કુમાર વિરુદ્ધ આ મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે.

બુઢાણાના મોહલ્લા ખાકરોબાનમાં પરિવાર સાથે રહેતા ઉજ્જવલે આગ લગાવતા પહેલા જાહેર કરેલા વીડિયોમાં આરોપ લગાવ્યો કે ૭ નવેમ્બરે આચાર્ય પ્રદીપ કુમારે તેને પોતાની ઓફિસમાં બોલાવ્યો અને યુનિવર્સિટી ફીના નામે પાંચ હજાર રૂપિયા જમા કરાવવાની વાત કરી.

ઉજ્જવલે આચાર્યને જણાવ્યું કે, તે પરીક્ષા ફી યુનિવર્સિટીમાં ઓનલાઈન જમા કરાવી ચૂક્યો છે અને એક અઠવાડિયામાં શેરડીનું પેમેન્ટ મળતાં જ કોલેજની ફી પણ જમા કરાવી દેશે. આના પર, આચાર્યએ પહેલા પોતાની ઓફિસમાં ગાળાગાળી કરીને માર માર્યો અને ત્યારબાદ કોલેજના ગેટ પર લાવીને પણ તેની પીટાઈ કરી.

આ મામલે ઉજ્જવલે મુખ્યમંત્રી, એસડીએમ અને પોલીસને ફરિયાદ કરી. કોલેજ પહોંચેલી પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક કરી. બીજા દિવસે શનિવારે ઉજ્જવલ કોલેજ પહોંચ્યો અને સવારે લગભગ ૧૧ વાગ્યે પોતાના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી.

સાથી વિદ્યાર્થીઓએ કોઈક રીતે આગ બુઝાવી અને લગભગ ૮૦ ટકા દાઝેલા ઉજ્જવલને ગંભીર હાલતમાં પહેલા સીએચસીથી મેરઠ અને પછી દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

ઉજ્જવલ રાણાએ વીડિયોમાં કહ્યું કે, મારી સાથે એવી ઘટના બની, જેણે મને તોડી નાખ્યો છે. આચાર્ય પ્રદીપ કુમારે મારી સાથે અપમાનજનક વ્યવહાર કર્યો. મને ગાળ આપી, મારા વાળ ખેંચ્યા અને મારી પીટાઈ કરી. મેં માત્ર એવા ગરીબ અને અસહાય વિદ્યાર્થીઓ માટે અવાજ ઉઠાવ્યો હતો જેઓ ફી ન હોવાને કારણે પરીક્ષા ફોર્મ જમા કરાવી શકતા નહોતા.

ઉજ્જવલે કહ્યું કે, આની સજા મને અપમાન કરીને અને ડરાવી-ધમકાવીને આપવામાં આવી. મેં ન્યાયની વાત કરી તો કોલેજમાં પોલીસ બોલાવવામાં આવી. પોલીસકર્મી ધર્મવીર, નંદ કિશોર અને વિનીત, જેમની પાસેથી મને મદદની અપેક્ષા હતી, તેમણે પણ મને ગાળો આપી. મને ડરાવવાનો-ધમકાવવાનો પ્રયાસ કર્યો. આ બધાના શબ્દોએ મારી આત્માને ઊંડી ઠેસ પહોંચાડી છે.

ઉજ્જવલે વધુમાં કહ્યું કે, તેમણે મને તોડી દીધો. ઈમાનદારી અને કાયદા પ્રત્યેની સચ્ચાઈની કડી તૂટી ગઈ છે. હું ખુદને જ સવાલ પૂછવા લાગ્યો છું કે શું સચ્ચાઈ માટે અવાજ ઉઠાવવો ખોટું છે. હું દર્દમાંથી પસાર થઈ રહ્યો છું પણ ડરીશ નહીં. જો હું આત્મહત્યા કરું છું, તો તેનો દોષ આચાર્ય, પોલીસકર્મી નંદ કિશોર, ધર્મવીર અને વિનીત પર હશે.

## બહાના છોડો, જીત પર ફોકસ કરો : ગૌતમ ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે ટીમ ઈન્ડિયાના તેવર અને વિચાર અંગે મોટું નિવેદન આપ્યું છે. T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની તૈયારીઓ વચ્ચે ગંભીરે ખેલાડીઓને ચેતવણી છે કે, હવે બહાના છોડો, જીત પર ફોકસ કરો. હવે માત્ર પરિણામ જોઈએ છે.

ઓસ્ટ્રેલિયા સામેની T20 સીરિઝ જીત્યા બાદ અને દક્ષિણ આફ્રિકા સીરિઝ પહેલા BCCIએ ગંભીરના એક્સક્લૂઝિવ ઈન્ટરવ્યુનું ટીઝર જારી કર્યું છે. આ વીડિયોમાં ગંભીર તેના એ જ જૂના ફાઈટર મોડમાં નજર આવ્યો - જે પ્રામાણિકતા, જવાબદારી અને પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. ગંભીર સ્પષ્ટપણે કહ્યું છે કે, આપણે એક દેશ તરીકે અને વ્યક્તિ તરીકે ક્યારેય હારનો જશ્ન ન મનાવવો જોઈએ. તેનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે, કારણ કે ગંભીરની આ જ ઓળખ છેઃ કઠોર, ન્યાયી અને જીત માટે આતુર લીડર.

ગંભીરે ખેલાડી વિકાસ અને નેતૃત્વની પોતાની ફિલોસોફી પર પણ વાત કરી. તેણે કહ્યું કે, ખેલાડીઓને દબાણમાં રાખવાથી તેઓ વધુ મજબૂત બને છે. શુભમન ગિલને ટેસ્ટ કૅપ્ટન તરીકે નિયુક્ત કરવો એ પણ આ જ માનસિકતાનો હિસ્સો હતો, ડીપ સીમાં ફેંકો જેથી તે પોતાની શક્તિ ઓળખી શકે. ગંભીરે જણાવ્યું કે, ટીમ ઈન્ડિયાના ડ્રેસિંગ રૂમમાં હવે ખુલ્લાપણું અને પારદર્શિતાની સંસ્કૃતિ છે. આ ખૂબ જ પ્રામાણિક ડ્રેસિંગ રૂમ છે. અહીં કોઈ કંઈ છુપાવતું નથી. બધું સ્પષ્ટ કહી દેવામાં આવે છે.

સેંકડો લોકોના મોતની આશંકા

## મલેશિયા કોસ્ટ નજીક રોહિંગ્યા પ્રવાસીઓને લઈ જતી બોટ ડૂબી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

મ્યાનમારથી સારી જિંદગીની આશામાં નીકળેલા રોહિંગ્યા શરણાર્થીઓ માટે દરિયો ફરી એકવાર કબ્રસ્તાન બન્યો છે. થાઈલેન્ડ-મલેશિયા સરહદ પાસે લગભગ ૧૦૦ રોહિંગ્યા પ્રવાસીઓને લઈ જઈ રહેલી એક બોટ ડૂબી ગઈ છે. મલેશિયન મેરીટાઈમ એજન્સીએ રવિવારે માહિતી આપી કે, આ દુર્ઘટનામાં ૭ લોકોના શબ મળી આવ્યા છે, જ્યારે ૧૩ લોકોને બચાવી લેવાયા છે. બોટમાં સવાર અન્ય ૮૦થી વધુ લોકો હજુ પણ લાપતા છે.

મલેશિયાની સરકારી મીડિયા અનુસાર, આ શરણાર્થીઓ પહેલા મ્યાનમારના રખાઈન પ્રાંતમાંથી લગભગ ૩૦૦ લોકો સાથે એક મોટા જહાજમાં રવાના થયા હતા. પરંતુ મલેશિયાની સરહદ નજીક પકડાઈ જવાથી બચવા માટે, તેમને ત્રણ નાની બોટમાં વહેંચી દેવામાં આવ્યા, જેમાં પ્રત્યેકમાં લગભગ ૧૦૦ લોકો સવાર હતા. આ ત્રણમાંથી એક બોટ દુર્ઘટનાનો ભોગ બની હતી. ચિંતાની વાત એ છે કે અન્ય બે બોટ, જેમાં લગભગ ૨૦૦ રોહિંગ્યા સવાર હતા, તે પણ લાપતા છે અને તેમની સ્થિતિ વિશે કોઈ માહિતી નથી. બચાવ દળ લંગકાવી દ્વીપ પાસે દરિયામાં તેમની શોધખોળ કરી રહ્યું છે.

મ્યાનમારમાં હિંસા અને બાંગ્લાદેશના શિબિરોમાં બદતર પરિસ્થિતિથી કંટાળીને, રોહિંગ્યા સમુદાયના લોકો નિયમિતપણે મલેશિયા પહોંચવા માટે આવા જોખમી દરિયાઈ માર્ગો અપનાવે છે. સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી એજન્સીના આંકડા અનુસાર, આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બરની શરૂઆત સુધીમાં ૫,૧૦૦થી વધુ રોહિંગ્યાઓએ મ્યાનમાર અને બાંગ્લાદેશ છોડીને દરિયાઈ મુસાફરી કરી છે, જેમાંથી લગભગ ૬૦૦ લોકો કાં તો મૃત્યુ પામ્યા છે અથવા લાપતા છે. રોહિંગ્યા બંગાળી મૂળના મુસ્લિમ છે જેઓ સદીઓથી મ્યાનમારના રખાઈન પ્રાંતમાં રહે છે. તેઓ પોતાને મ્યાનમારના મૂળ નિવાસી માને છે, પરંતુ મ્યાનમારની સૈન્ય સરકાર તેમને ઘૂસણખોર ગણે છે. ૧૯૮૨ના નાગરિકતા કાયદા હેઠળ તેમને નાગરિકતાથી વંચિત રાખવામાં આવ્યા છે, જેના પરિણામે તેઓ રાષ્ટ્રવિહીન છે. તેમની પાસે પાસપોર્ટ, મતદાનનો અધિકાર, શિક્ષણ કે આરોગ્ય જેવી મૂળભૂત સુવિધાઓ પણ નથી.


૨૦૧૭માં મ્યાનમાર સેનાની ક્રૂર કાર્યવાહી બાદ, લગભગ ૧૩ લાખ રોહિંગ્યાઓએ પાડોશી દેશ બાંગ્લાદેશના શરણાર્થી શિબિરોમાં આશરો લીધો છે, જ્યાં તેઓ અત્યંત દયનીય સ્થિતિમાં જીવી રહ્યા છે.

## ટેનેકો ક્લીન એર ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ખુલશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**અમદાવાદ, તા.૧૦**

ટેનેકો ક્લીન એર ઈન્ડિયા લિમિટેડ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર બુધવાર, ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ખોલશે.




ઓફરની પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ.૩૭૮થી રૂ.૩૯૭ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૩૭ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૭ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. પ્રત્યેક રૂ.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના આઈપીઓમાં ટેનેકો મોરેશિયસ હોલ્ડિંગ્સ લિમિટેડ દ્વારા રૂ.૩૬,૦૦૦ મિલિયન (રૂ.૩,૬૦૦ કરોડ) સુધીના મૂલ્યના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ મંગળવાર, ૧૧ નવેમ્બર, ૨૦૨૫ રહેશે. બિડ/ઓફર બુધવાર, ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ખુલશે અને શુક્રવાર, ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે.

આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરાયેલા ઈક્વિટી શેર્સનું બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ જેવા સ્ટોક એક્સચેન્જો પર લિસ્ટિંગ કરવાનો પ્રસ્તાવ છે. ઓફરના હેતુઓ માટે એનએસઈ એ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ છે.

જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને એચએસબીસી સિક્યોરિટીઝ એન્ડ કેપિટલ માર્કેટ્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

ઉત્તર જાપાનની ધરા ૬.૯ની તીવ્રતાના ભૂકંપથી ધણધણી ઉઠી

# ફિલિપાઈન્સમાં વાવાઝોડા ફુંગ-વોંગથી ૧૦ મોત, ૧૨ લાખ લોકોનું સ્થળાંતર કરાયું

**ફિલિપાઈન્સમાં આ વર્ષનું ૨૧મું વાવાઝોડું, પાટનગર મનિલામાં અતિભારે વરસાદને પગલે વિઝિબિલિટી ઘટતાં ૩૦૦ ફ્લાઈટ રદ કરાઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મનિલા (ફિલિપાઈન્સ), તા.૧૦**

ફિલિપાઈન્સના પૂર્વોત્તર દરિયાકાંઠે આક્રમક વાવાઝોડું ફુંગ-વોંગે રવિવારે ત્રાટક્યું હતું. ભારે વરસાદ અને ભૂસ્ખલનને લીધે ૧૦ લોકોનાં મોત થયા હતા જ્યારે ૧૨ લાખ પ્રભાવિત લોકોનું સ્થળાંતર કરાયું હતું. વાવાઝોડાને લીધે દરિયામાં કરંટ રહેતા ઊંચા મોજા ઉછળ્યા હતા.

ફિલિપાઈન્સમાં આ વર્ષનું ૨૧મું વાવાઝોડું છે, પાટનગર મનિલામાં અતિભારે વરસાદને પગલે વિઝિબિલિટી ઘટતાં ૩૦૦ ફ્લાઈટ રદ કરાઈ હતી. ફુંગ-વોંગ જેને સ્થાનિક ભાષામાં ઉવાન કહે છે તેની ઘાતકતાનો અંદાજ પવનની ગતિ પરથી લગાવી શકાય છે. લુસોન ટાપુ ખાતે રવિવાર સાંજથી ભારે વરસાદ સાથે ૧૮૫થી ૨૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. લુસોન ખાતે સોમવારે શાળાઓ તથા સરકારી કાર્યાલયોમાં રજા જાહેર કરાઈ છે. હજી મંગળવારે ત્રાટકેલા કાલમેગી વાવાઝોડાએ ૨૨૪નો ભોગ લીધો તેમાંથી ફિલિપાઈન્સની કળ વળી નથી ત્યાં વધુ એક વાવાઝોડાએ તાંડવ મચાવ્યું છે. અધિકારીએ જણાવ્યું કે, વાવોઝોડું ફુંગ-વોંગ ત્રાટક્યું હતું અને પૂર્વિય પ્રાંત કેટેન્ડુઆનેસમાં એક શખ્સ પૂરના પ્રવાહમાં તણાઈ ગયો હતો. કેટબાલોગન શહેરમાં એક મહિલાનું કાટમાળમાં દટાઈ જતા મોત નિપજ્યું હતું. વીજ થાંભલા ધ્વસ્ત થતાં પૂર્વના સંખ્યાબંધ ગામ-શહેરોમાં અંધારપટ જોવા મળ્યો હતો. ટોક્યોઃ ઉત્તર જાપાનની ધરા ૬.૯ની તીવ્રતાના ભૂકંપથી ધણધણી ઉઠી હતી. જાપાન હવામાન એજન્સીએ ભૂકંપને પગલે સુનામીની ચેતવણી આપી હતી. જેને ત્રણ કલાક બાદ રદ કરી હતી.

રવિવારે સ્થાનિક સમય મુજબ સાંજ ૫.૦૩ કલાકે ઈવાતે પ્રાંતના દરિયાકાંઠે જમીનથી ૧૬ કિ.મી. નીચે ભૂકંપનો આંચકો આવ્યો હતો. ભૂકંપને લીધે જાનમાલને નુકસાનની વિગતો તાત્કાલિક પ્રાપ્ત થઈ શકી નથી. ભૂકંપ બાદ કલાકો સુધી આફ્ટરશોક્સ અનુભવાયા હતા. ઈવાતે પ્રાંતના ઓફુનાતો શહેરમાં ૧૦ સેન્ટીમીટર ઊંચા સુનામીના મોજા નોંધાયા હતા.

# મુસ્લિમ અભિનેતાની પત્નીનું હિન્દુ વિધિ મુજબ અંતિમસંસ્કાર કરાયું



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૦**

બોલિવૂડના પીઢ અભિનેતા અને ફિલ્મ નિર્માતા સંજય ખાનના પત્ની અને અભિનેતા ઝાયેદ ખાન તથા સુઝાન ખાનના માતા ઝરીન ખાનનું ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અવસાન થયું હતું. આજે, એટલે કે ૮ નવેમ્બરના રોજ જુહુ સ્મશાનગૃહ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. પુત્ર ઝાયેદ ખાને હિંદુ ધાર્મિક વિધિઓ કરી અને આંસુઓ સાથે માતાની ચિતાને અગ્નિદાહ આપ્યો હતો. સંજય ખાન અને સુઝાન ખાન સહિત પરિવારના અન્ય સભ્યો આ સમયે હાજર હતા. ત્યારે ઝરીન ખાનનો હિંદુ ધાર્મિક વિધિ મુજબ કેમ કરવામાં આવ્યો, આવો જાણીએ.

સંજય ખાન સાથે લગ્ન પહેલાં ઝરીન ખાનનું નામ ઝરીન કત્રક હતું અને તે હિન્દુ પારસી સમુદાયમાંથી આવતા હતા. લગ્ન પછી પણ તેમણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો ન હતો અને તેમણે પોતાના જન્મ ધર્મનું પાલન ચાલુ રાખ્યું હતું. ઝરીન ખાનની એવી અંતિમ ઈચ્છા હતી કે તેમનો અગ્નિસંસ્કાર તેમના પોતાના ધર્મ અનુસાર કરવામાં આવે. તેમના પરિવારે આ ઈચ્છાનો આદર કર્યો હતો. સંજય ખાન અને ઝરીન ખાને તેમના ઘરમાં બંને ધર્મોનું સન્માન કરતા સુમેળભર્યું જીવન જીવ્યું અને તેમના બાળકોને મિશ્ર સંસ્કૃતિમાં ઉછેર્યા. હિન્દુ વિધિ અનુસાર અંતિમ સંસ્કાર કરવાનો આ નિર્ણય પુત્ર ઝાયેદ ખાન દ્વારા માતાની અંતિમ ઈચ્છાનો આદર કરવાની રીત હતી. ઝરીન ખાનની ઈચ્છાનું માન રાખીને તેમનો અંતિમ સંસ્કાર હિન્દુ વિધિ અનુસાર કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ઝરીન ખાનને અંતિમ વિદાય આપવા માટે બોલિવૂડના ઘણા મિત્રો અને ઉદ્યોગના સાથીદારો ઉપસ્થિત રહ્યા હતા. તેમાં મુખ્યત્વે ઋતિક રોશન, સબા આઝાદ, કાજોલ, રાની મુખર્જી, જેકી શ્રોફ અને બોબી દેઓલનો સમાવેશ થાય છે.

# યુક્રેને રશિયાનાં બે શહેરો પર હુમલો કર્યો, વીજ પુરવઠો ખોરવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા) **કિવ, તા.૧૦**

યુક્રેન અને રશિયા વચ્ચે છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલું યુદ્ધ અમેરિકાના અનેક રાજદ્વારી પ્રયાસો છતાં અટકવાનું નામ નથી લઈ રહ્યું. બંને દેશો તાજેતરમાં પરસ્પર ઉર્જા માળખાને નિશાન બનાવી રહ્યા છે. યુક્રેને રવિવારે બોર્ડર નજીક રશિયાના બે શહેરો પર હુમલો કર્યો હોવાની રશિયન અધિકારીઓએ પુષ્ટિ કરી હતી. યુક્રેને રશિયા બે શહેરોમાં હુમલો કરીને વીજ અને હીટિંગ સેવા ખોરવી નાખી હતી. બીજીતરફ યુક્રેનના ટોચના રાજદ્વારીએ મોસ્કો દ્વારા ઈરાદાપૂર્વક કિવની પરમાણુ સુરક્ષાને જોખમમાં મુકવાનો આક્ષેપ કર્યો હતો. અગાઉ શુક્રવારે રશિયાએ સંખ્યાબંધ ડ્રોન તથા મિસાઈલ વડે બે પરમાણુ ઉર્જા મથકોના સબસ્ટેશન પર હુમલો કર્યો હતો. યુક્રેને વળતો જવાબ આપતાં રશિયાના વોરોનેઝમાં ડ્રોન વડે હુમલો કર્યો હતો અને કેટલાક ભાગોમાં વીજ પરુવઠો ખોરવાઈ ગયો હતો. આ ઉપરાંત ઠંડીથી રક્ષણ આપતી હીટિંગ લાઈન પર પણ હુમલો કરયો હોવાનું સ્થાનિક ગર્વનર એલેક્ઝાન્ડર ગુસેવે જણાવ્યું હતું. શનિવારે મિસાઈલ હુમલાને લીધે રશિયાના બેલ્ગોરોડમાં પાવર અને હીટિંગ સેવાને ગંભીર નુકસાન પહોંચ્યું હતું.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, સેનાએ રવિવારે યુક્રેનના ૪૪ ડ્રોનને ઈન્ટરસેપ્ટ કર્યા હતા તથા નષ્ટ કર્યા હતા. આ ડ્રોન રાત્રે દક્ષિણપશ્ચિમ રશિયા પરથી ઉડી રહ્યા હતા. યુક્રેન કુલ કેટલા ડ્રોન છોડ્યા હતા તેની વિગતો મોસ્કોએ આપી નહતી. રશિયાએ શુક્રવરે રાતથી લઈન શનિવારે સવાર સુધી યુક્રેન પર ૪૫૦ ડ્રોન અને ૪૫ મિસાઈલ વડે ભીષણ હુમલો કર્યો હતો. યુક્રેનના વિદેશ મંત્રી આન્દ્રે સિબિહાએ આક્ષેપ કર્યો કે, રશિયાએ ખમેલનિત્સકી અને રિવ્ને પરમાણુ સબસ્ટેશનોને નિશાન બનાવ્યા હતા. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે રવિવારે યુએસના તેના સમકક્ષ માર્કો રુબિયોને મળીને યુક્રેન યુદ્ધ તથા દ્વિપક્ષીય સંબંધો સુધારવા મુદ્દે ચર્ચા કરવા તૈયારી દર્શાવી હતી.

લાવરોવે જણાવ્યું કે, માર્કો રુબિયો અને હું નિયમિત સંવાદની જરૂર સમજી શકીએ છીએ. તેમણે વધુમાં ઉમેર્યું કે, રશિયાના હિતોને ધ્યાનમાં લીધા વગર શાંતિ પ્રાપ્ત થઈ શકે નહીં. મોસ્કોએ યુક્રેન સમક્ષ પોતાની માગણીઓ પર અડગ રહેવાનો આડકતરો ઈશારો કર્યો હતો.

# ભારત-ચીન વચ્ચે પાંચ વર્ષ બાદ સીધી વિમાની સેવાનો પ્રારંભ

(સંપૂર્ણ સમાચાર સેવા) **બેઈજિંગ, તા.૧૦**

ભારત અને ચીન વચ્ચે પાંચ વર્ષના લાંબા સમયગાળા બાદ ફરીથી સીધી ફ્લાઈટ સેવાનો પ્રારંભ કરાયો છે. ચીનની એરલાઈન ચાઈના ઈસ્ટર્ન એરલાઈને રવિવારે શાંઘાઈ-દિલ્હી રૂટ પર સેવા શરૂ કરી છે. રવિવારે શાંઘાઈના પુડોંગ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ફ્લાઈટ એમયુ૫૬૩એ ૨૪૮ પેસેન્જર્સ સાથે દિલ્હી માટે ઉડાણ ભરી હતી. ભારતની એરલાઈન ઈન્ડિગો પણ ૧૦ નવેમ્બરથી દૈનિક ધોરણે દિલ્હી-ગ્વાંગઝોઉ સેવાનો પ્રારંભ કરશે.

ચાઈના ઈસ્ટર્ન એરલાઈન સૌપ્રથમ ચીન સ્થિત એરલાઈન છે જેણે ૨૦૨૫માં ભારત અને ચીન વચ્ચે સીધી વિમાની સેવાનો પ્રારંભ કર્યો છે. શાંઘાઈ-દિલ્હીની ફ્લાઈટ ૯૫ ટકા મુસાફરોથી ભરાઈ ગઈ હતી.

શાંઘાઈ-દિલ્હી રૂટ બે મુખ્ય આર્થિક મહાસત્તાઓ વચ્ચે મહત્વનો છે અને હવે સીધી ફ્લાઈટ સુવિધાને લીધે આગામી સમયમાં વેપાર, આર્થિક તથા સાંસ્કૃતિક આદાપ્રદાનમાં વેગ જોવા મળી શકે છે.

કોરોનાકાળમાં સેવા સ્થગિત થયા બાદ ઈન્ડિગોએ ૨૬ ઓક્ટોબરના કોલકાતાથી ગ્વાંગડોંગ પ્રાંતના ગ્વાંગઝોઉ ખાતે ફ્લાઈટનું સંચાલન કરતા ભારત ચીન વચ્ચે વિમાની સેવા પુનઃ કાર્યરત થઈ હતી. ગત વર્ષે ઓક્ટોબરમાં ભારત અને ચીનના લશ્કર વચ્ચે ગલવાનમાં થયેલા ઘર્ષણ બાદ વિમાની સેવા સ્થગિત કરવામાં આવી હતી. ચાઈના ઈસ્ટર્ન એરલાઈનના મતે તે શાંઘાઈ-દિલ્હી રૂટ પર સપ્તાહમાં ત્રણ દિવસ ઉડાણ ભરશે. બજારની માગ મુજબ ફ્લાઈટની ફ્રિક્વન્સીમાં વધારો કરાશે.

# અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચાલુ કાર્યક્રમમાં ઊંઘતા ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા) **વૉશિંગ્ટન, તા.૧૦**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં એક કાર્યક્રમમાં ઊંઘતા ઝડપાયા હતા. અમેરિકન મીડિયા સહિત સોશિયલ મીડિયા પર ટ્રમ્પ ઊંઘતા હોય તેવી તસવીર વાયરલ થઈ હતી. મીડિયા રિપોર્ટ મુજબ વ્હાઈટ હાઉસમાં એક પત્રકાર પરિષદમાં વજન ઘટાડતી દવાઓની કિંમતોમાં કાપની જાહેરાત કરાઈ રહી હતી તે સમયે પ્રમુખ ટ્રમ્પ આંખો બંધ કરીને ઝોકે ચઢી ગયા હતા. તેમની આંખો ક્યારેક બંધ, ક્યારેક ખુલ્લી થતી દેખાતી હતી. આ તસવીર વાયરલ થતા કેલિફોર્નિયાના ગવર્નર ગેવિનની ઓફિસે ટ્રમ્પની મજાક ઉડાવી હતી. તેમણે ટ્રમ્પની તસવીરો પોસ્ટ કરતા લખ્યું, 'ઊંઘમાં ડૂબેલા ડોન પાછા આવી ગયા છે.' જોકે, આ અંગે વ્હાઈટ હાઉસના પ્રવક્તા ટેલર રોજર્સે કહ્યું, આ કાર્યક્રમ સમયે પ્રમુખ ઊંઘી નહોતા રહ્યા. તેમણે આ જાહેરાત સમયે ભાષણ પણ આપ્યું હતું અને મીડિયાના સવાલોના જવાબ પણ આપ્યા હતા.




આર. માધવનનો NSAના અધિકારી જેવો લૂક

# આર. માધવનની ફિલ્મ 'ધુરંધર'નું પોસ્ટર રિલીઝ




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૦**

અભિનેતા રણવીર સિંહના ૪૦માં જન્મદિવસે તેની નવી ફિલ્મ 'ધુરંધર'નું ટીઝર આઉટ થયું હતું ત્યાર બાદ 'ધુરંધર' ફિલ્મનો ફર્સ્ટ લૂક વીડિયો પણ રિલીઝ થયો હતો. આ વીડિયોમાં ફિલ્મના અન્ય કલાકારો પણ જોવા મળ્યા હતા. આ કલાકારોમાં અર્જુન રામપાલ, અક્ષય ખન્ના અને આર. માધવન તથા અભિનેત્રી સારા અર્જુન જોવા મળ્યા હતા. જોકે, હવે આ ફિલ્મનું નવું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે, જેમાં આર. માધવનનો અલગ અંદાજ જોવા મળ્યો છે.



'ધુરંધર' ફિલ્મના મેકર્સે નવું પોસ્ટર રિલીઝ કર્યું છે. જેમાં આર. માધવનનો નવો લૂક સામે આવ્યો છે. આ પોસ્ટરમાં આર. માધવનનો ડિપ્લોમેટ જેવો અવતાર જોવા મળ્યો છે. પોસ્ટરમાં આર. માધવન પેન્ટ-સૂટમાં જોવા મળ્યો છે. આર. માધવનનો આ લૂક રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલથી પ્રેરિત છે, એવું સૂત્રોએ અનુમાન વ્યક્ત કર્યું હતું.

'ધુરંધર' ફિલ્મના આ નવા પોસ્ટરને 'કર્મનો સારથી' કેપ્શન સાથે રણવીર સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યું છે. આ પોસ્ટર જોઈને તેના ચાહકોની આતુરતા વધી ગઈ છે. રણવીર સિંહના ચાહકો હવે 'ધુરંધર' ફિલ્મમાં તેના નવા લૂકના પોસ્ટરની રાહ જોઈ રહ્યા છે. જોકે, આ ફિલ્મના પહેલા પોસ્ટરમાં રણવીર સિંહ લાંબાવાળ અને રફ એન્ડ ટફ લૂકમાં જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અગાઉ 'ધુરંધર' ફિલ્મના પોસ્ટરમાં અર્જુન રામપાલના પાત્રનું પોસ્ટર પણ શેર કરવામાં આવ્યું હતું. જેમાં અર્જુન રામપાલને ફરિશ્તા તરીકે દર્શાવવામાં આવ્યો હતો. પોસ્ટરમાં અર્જુન રામપાલ નાના વાળ, કાળા ચશ્મા અને લાંબી દાઢીવાળા લૂકમાં જોવા મળ્યો હતો. જોકે, આ ફિલ્મની સ્ટોરી કેવી હશે, તેનો હજુ સુધી કોઈ અંદાજ લગાવી શક્યું નથી. ફિલ્મની સંપૂર્ણ સ્ટોરી ૫ ડિસેમ્બરના થિયેટર્સમાં સૌને જાણવા મળશે.

અભિનેત્રી વિશ્વ વિજેતા મહિલા ટીમની ઊજવણી કરવા માંગે છે

# અનુષ્કા શર્મા અટવાયેલી ફિલ્મ ચકદા એક્સપ્રેસને રિલીઝ કરવાના પ્રયાસમાં

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૦**

અનુષ્કા શર્મા ૭ વરસથી રૂપેરી પડદે કમબેક કરવાની તૈયારી કરી રહી છે. તેની અટકી પડેલી ચકદા એક્સપ્રેસને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવાના પ્રયાસ રૂપે વાતચીત કરી રહી છે. ચકદા એક્સપ્રેસનું નિર્માણ નેટફ્લિક્સને જોઈતું હતું તે રીતે ન બન્યું હોવાથી ફિલ્મ બાબતે વિવાદ થયો હતો અને તેથી જ આ ફિલ્મને રિલીઝ કરવામાં આવી નહીં. હવે અનુષ્કા શર્મા ફિલ્મને રિલીઝ કરવાના પ્રયાસ કરી રહી છે. તે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઐતિહાસિક જીત પછી અનુષ્કા પોતાની ફિલ્મને રિલીઝ કરવાનો ફાયદો ઉઠાવવા માંગે છે.

ચકદા એક્સપ્રેસને ફિલ્મસર્જક ઓટીટી પ્લેટફોર્મ નેટફિલકસના અધિકારીઓને લેખિત સંદેશો મોકલીને ફિલ્મ રિલીઝ કરવાનું કહી રહી છે.

એક સૂત્રે જણાવ્યું હતું કે, અણે નેટફિલકસને વ્યક્તિગત રીતે ચિઠ્ઠી લખીને ફિલ્મને રિલીઝ કરવાનું કીધું છે. અનુષ્કા શર્માની ચકદા એક્સપ્રેસ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૨માં પુરી થઈ ગઈ હતી. આ ફિલ્મને ૨૦૨૩માં રિલીઝ કરવાની યોજના હતી, પરંતુ કોઈ કારણોસર તે અટકી પડી હતી. હવે મળેલી માહિતી અનુસાર, અનુષ્કા શર્મા ૭ વરસ પછી ચકદા એક્સપ્રેસને રિલીઝ કરવાના પ્રયાસ કરી રહી છે.

ફેક પ્રોફાઈલ દ્વારા પરિવારને નિશાન બનાવ્યો,

# સાઉથની અભિનેત્રી અનુપમા પરમેશ્વરનનું થયું સાયબર બુલિંગ!

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૦**

સાઉથની ફેમસ એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરન લાંબા સમયથી સાયબર બુલિંગનો સામનો કરી રહી હતી. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ વિશે વિગતવાર માહિતી આપી છે. જોકે, જ્યારે તેને સાયબર બુલિંગ કરનાર વ્યક્તિ વિશે જાણ થઈ, ત્યારે તે ચોંકી ગઈ હતી.

અનુપમાએ આજે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે જણાવ્યું કે, 'થોડા દિવસો પહેલાં મને ખબર પડી કે એક ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ મારા અને મારા પરિવાર વિશે અત્યંત ખોટી વાતો ફેલાવી રહી છે. આટલું જ નહીં, તે મારા મિત્રો અને કો-એક્ટર્સને પણ પોસ્ટમાં ટેગ કરી રહી છે. આ તમામ પોસ્ટમાં મારા પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા. આ રીતે ઓનલાઈન કોઈને પણ પરેશાન કરવું, ખૂબ જ ખોટું અને દુઃખ આપનારું કૃત્ય છે.'

અનુપમા પરમેશ્વરને આગળ પોસ્ટમાં લખ્યું છે કે, 'મને ત્યારે આશ્ચર્ય થયું, જ્યારે જાણ થઈ કે સાયબર બુલિંગ કરનાર તમિલનાડુની એક ૨૦ વર્ષની યુવતી છે. યુવતીની નાની ઉંમરને ધ્યાનમાં રાખીને, મેં તેની ઓળખ જાહેર ન કરવાનો નિર્ણય લીધો છે. હું તેના ભવિષ્ય કે માનસિક સ્વાસ્થ્ય સાથે કોઈ સમાધાન કરવા માંગતી નથી.' અંતમાં, અનુપમા પરમેશ્વરને તેના ફેન્સ અને સામાન્ય લોકોને એક મહત્ત્વપૂર્ણ મેસેજ આપ્યો છે. તેમનું કહેવું છે કે લોકો પાસે સ્માર્ટફોન છે તો તેનો ઉપયોગ સમજદારી અને જવાબદારીથી કરવો જોઈએ. તે સૌને જણાવે છે કે સાયબર બુલિંગ ખોટું છે, સાથે જ તે દંડનીય અપરાધ પણ છે.

અનુપમા પરમેશ્વરનના કરિયરની વાત કરીએ તો, આ વર્ષે તે 'જાનકી વર્સિસ સ્ટેટ ઓફ કેરળ'માં જોવા મળી હતી. હાલમાં તે બીજી ફિલ્મ 'લોકડાઉન'નું શૂટિંગ કરી રહી છે.

પૈસા માટે શો છોડવાની વાતને અફવા ગણાવી

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં ટપ્પુ પાછો ફરશે?

**ભવ્ય ગાંધીના શો છોડ્યા પછી રાજ અનકટે ટપ્પુની ભૂમિકા ભજવી હતી, અને હાલમાં આ પાત્ર તેજસ્વી ભવાની ભજવી રહ્યા છે**



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૦**

છેલ્લા ૧૭ વર્ષથી "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો ભારતવાસીઓનો લોકપ્રિય ટેલિવિઝન શો બની રહ્યો છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં આ શોમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ઘણા કલાકારો આ શો છોડીને ચાલ્યા ગયા છે. જેમાં આ સીરિયલ સાથે શરૂઆતથી જોડાયેલા ભવ્ય ગાંધીનો પણ સમાવેશ થાય છે. ટપ્પુનું પાત્ર ભજવીને ભવ્ય ગાંધી ઘરે-ઘરે જાણીતો બની ગયો છે. જોકે, હવે ભવ્ય ગાંધીએ શોમાં પાછા ફરવા અંગે મોટું નિવેદન આપ્યું છે.

ભવ્ય ગાંધી ૨૦૦૮માં એક ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો સાથે જોડાયો હતો. તારક મહેતાના લોકપ્રિય પાત્ર 'ટપ્પુ'ની ભૂમિકા તેણે બખૂબી નિભાવી હતી. જોકે, ૨૦૧૭માં તેણે શો છોડીને તેના ચાહકોને ચોંકાવી દીધા હતા. હાલ તે ગુજરાતી સિનેમામાં સક્રિય છે.

તાજેતરમાં ભવ્ય ગાંધીએ લાંબા સમય પછી "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો છોડવાના કારણો અને તેની સંભવિત વાપસી અંગે મીડિયા સાથે વાત કરી છે. ભવ્ય ગાંધીએ નાણાકીય કારણોસર "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો છોડ્યો એવી અફવા વહેતી થઈ હતી. જેની સ્પષ્ટતા કરતા ભવ્ય ગાંધીએ મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, "મેં ક્યારેય પૈસા માટે કામ કર્યું નથી. મેં પૈસા માટે શો પણ છોડ્યો નથી."

TMKOCના શો માટે શું તમને પ્રતિ એપિસોડ દસ હજાર રૂપિયા મળતા હતા? આ સવાલના જવાબમાં ભવ્ય ગાંધીએ જણાવ્યું કે, "ના, મને ખબર નથી કે શો માટે મને કેટલા પૈસા ચૂકવવા આવતા હતા. કારણ કે હું નાનો હતો. મારા માતા-પિતા બધું સંભાળતા હતા. મેં તેમને પૂછ્યું નથી કે મને એક શો માટે કેટલો પગાર મળ્યો હતો." જ્યારે ભવ્યને પૂછવામાં આવ્યું કે શું તે શોમાં પાછા ફરવા માંગે છે, તો તેણે સકારાત્મક જવાબ આપ્યો કે, "હા, કેમ નહીં? હું ચોક્કસપણે શોમાં પાછા જવા માંગુ છું. મારા જીવનમાં મને પૂર્ણતા મળશે." ભવ્યના આ નિવેદનથી ચાહકોમાં ઉત્સાહ વધી ગયો છે. ઉલ્લેખનીય છે કે, ભવ્ય ગાંધીના શો છોડ્યા પછી રાજ અનકટે ટપ્પુની ભૂમિકા ભજવી હતી, અને હાલમાં આ પાત્ર તેજસ્વી ભવાની ભજવી રહ્યા છે. ભવ્યએ એમ પણ કહ્યું કે, નિર્માતા અસિત મોદી તેની પ્રતિભાને ઓળખનાર સૌપ્રથમ વ્યક્તિ હતા.

ગુજરાતમાંથી પકડાયેલા આતંકીઓ મુદ્દે મોટો ખુલાસો

# આરએસએસ કાર્યાલય અને અમદાવાદના વિસ્તારોની રેકી કરી વીડિયો પાકિસ્તાન મોકલ્યા

**એટીએસે ત્રણ આરએસએસ આતંકવાદીઓને ઝડપી પાડ્યા હતા, તેઓ દેશના વિવિધ સ્થળોએ હુમલાઓનું આયોજન કરી રહ્યા હતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૧૦**

ATSએ પકડેલા આતંકીઓને કોર્ટમાં રજૂ કરાયા હતા. આતંકીઓના ૮ દિવસના રીમાંડ મંજુર કર્યા છે. ત્યારે ગુજરાતમાંથી પકડાયેલા આતંકીઓ મુદ્દે મોટો ખુલાસો થયો છે. આ આતંકીઓએ આરએસએસ કાર્યાલયની રેકી કરી હતી. તોસાથે જ આતંકીઓ પાસેથી મળેલા રાઈઝીન ઝેરનો ઉપયોગ ક્યાં કરવાના હતા તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

ગુજરાત એટીએસે ત્રણ ISIS આતંકવાદીઓને ઝડપી પાડ્યા છે. તેઓ દેશના વિવિધ સ્થળોએ હુમલાઓનું આયોજન કરી રહ્યા હતા અને શસ્ત્રો એકત્રિત કરવા માટે ગુજરાત આવ્યા હતા. ત્યારે તેમની પૂછપરછમાં મોટો ખુલાસો થયો છે કે, સૈયદ મોઈનુદ્દિને દિલ્હી, લખનઉ અને અમદાવાદમાં રેકી કરી હતી. તેઓએ લખનઉમાં RSSના કાર્યાલયની પણ રેકી કરી હતી. દિલ્હીમાં સૌથી મોટી આઝાદ મંડીની પણ રેકી કરી હતી. તો અમદાવાદમાં પણ ભીડવાળી જગ્યાની રેકી કરી હોવાની માહિતી સામે આવી છે.

આ આતંકીઓએ તમામ સ્થળોની રેકી કરીને તેના વીડિયો બનાવ્યા હતા, અને તેને બાદમાં પાકિસ્તાન મોકલ્યા હતા. પાકિસ્તાનમાં રહેલા તેમના આકાઓને વીડિયો મોકલ્યા હતા. હૈદરાબાદના અહેમદ મોહિઉદ્દીન સૈયદના ભાઈ સૈયદ ઉમર ફારૂકે જણાવ્યું હતું કે, તેમનો ભાઈ નિર્દોષ છે અને તેને કેસમાં ફસાવી દેવામાં આવ્યો છે. અમને છ્જી તરફથી ફોન આવ્યો. મેં મારા ભાઈ સાથે વાત કરી, અને તેમણે મને ચિંતા ન કરવાનું કહ્યું - તેમણે કહ્યું કે તેને ફસાવી દેવામાં આવ્યો છે અને અમને વકીલનો સંપર્ક કરવા અને કાનૂની મદદ લેવાની સલાહ આપી," ઉમર ફારૂકે કહ્યું. રાજેન્દ્રનગરમાં સૈયદ પરિવારના નિવાસસ્થાનમાંથી વધુ માહિતી બહાર આવી રહી છે.

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી (ATS) દ્વારા શામલીના એક યુવાન આઝાદ સૈફીની બે સાથીઓ સાથે શસ્ત્રો રાખવા અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ધરપકડ કરવામાં આવી હતી. મુઝફ્ફરનગરના બુઢાણા મદરેસામાં "મોલવિયત"નો અભ્યાસ કરતા આઝાદની ધરપકડથી સ્થાનિક પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. એક ટીમ પૂછપરછ માટે તેના ઘરે પહોંચી હતી.

આઝાદનો પરિવાર મૂળ મોહલ્લા શેખમૈદાન સલારામાં રહે છે. તેના ભાઈ શહજાદે જણાવ્યું હતું કે આઝાદ ત્રણ મહિના પહેલા ઘરે પાછો ફર્યો હતો. તે કડિયા કામ કરતો હતો અને ઘરમાં પ્લોટ વાડ કરી રહ્યો હતો. શહજાદના જણાવ્યા મુજબ, આઝાદ ૭ ઓગસ્ટના રોજ કોલકાતા માટે જમાત માટે ઘરેથી નીકળ્યો હતો. તે છેલ્લે ૭ નવેમ્બરના રોજ બુઢાણા માટે ઘરેથી નીકળ્યો હતો, જ્યાં તે તેની પુત્રી સુહાનાને તેના સાસરિયાના ઘરેથી લેવાનો હતો.

# લાલ કિલ્લા પાસે કારમાં બ્લાસ્ટ: ૧૦ના મોત, અનેક ઈજાગ્રસ્ત, સમગ્ર દિલ્હીમાં હાઈએલર્ટ

**રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે એક કારમાં ભયાનક વિસ્ફોટ થતાં અફરાતફરી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે એક કારમાં ભયાનક વિસ્ફોટ થતાં અફરાતફરી મચી છે. વિસ્ફોટ બાદ દિલ્હીમાં હાઈએલર્ટ જાહેર કરી દેવાયું છે. વિસ્ફોટ બાદ કારમાં ભીષણ આગ લાગી હતી, જેના કારણે આસપાસના અનેક વાહનો આગની ઝપેટમાં આવતા બળીને ખાક થઈ ગયા છે. ઘટનાનો વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં કાર, ટુ-વ્હીલર સહિત અનેક ગાડીઓ ખાક થઈ ગઈ છે.

દિલ્હી પોલીસ કમિશનર સતીશ ગોલચાએ કહ્યું, કે આજે સાંજે ૬.૫૨ વાગ્યે ધીમી ગતિથી આવતી એક ગાડી રેડ લાઈટ પર ઊભો રહી અને તે બાદ તેમાં બ્લાસ્ટ થયો. આસપાસની ગાડીઓને પણ નુકસાન થયું. ફ્રેંછ સહિતની તમામ તપાસ એજન્સીઓ ઘટનાસ્થળે પહોંચી છે. મેં ગૃહમંત્રી સાથે પણ સમગ્ર ઘટના અંગે વાત કરી છે.

લાલ કિલ્લા પાસે થયેલા બ્લાસ્ટ બાદ પોલીસે દિલ્હીમાં અનેક સ્થળો પર દરોડા શરૂ કર્યા છે. કાર બ્લાસ્ટ થતાં ૨૦૦ મીટર સુધીની ગાડીઓમાં આગ લાગી હતી. અનેક સ્થળો પર તપાસ શરૂ કરી દેવાઈ છે. દિલ્હીમાં જે સ્થળે બ્લાસ્ટ થયો તે સમગ્ર વિસ્તારને સીલ કરી દેવાયો છે. NIA અને NSGની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. હજુ પણ ઈજાગ્રસ્તોને લઈને એમ્બ્યુલન્સ LNJ હોસ્પિટલ પહોંચી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય ગૃહમંત્રી પાસે બ્લાસ્ટની અંગે જાણકારી મેળવી છે. બ્લાસ્ટ બાદ ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્રમાં પોલીસને હાઈએલર્ટ કરી દેવાઈ છે. બ્લાસ્ટની ઘટનામાં ૧૦ લોકોના મોત થયા છે જ્યારે અનેક ઈજાગ્રસ્તોને હાલ સારવાર અપાઈ રહી છે.

દિલ્હીના ફાયર વિભાગે સત્તાવાર જાણકારી આપતાં કહ્યું કે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે કારમાં બ્લાસ્ટનો કોલ આવ્યો હતો. જે બાદ ત્રણથી ચાર અન્ય વાહનો પણ આગની લપેટમાં આવી ગયા. ફાયર વિભાગની કુલ સાત ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી અને આગ પર કાબૂ મેળવ્યો. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તપાસ શરુ કરી દેવામાં આવી છે.

# સુરત: ભાભી સાથે પ્રેમ સંબંધની શંકાએ મિત્રને જ ચપ્પુના ઘા મારી કરી હત્યા

**યુવતી સાથે મૃતકની વાતચીત હોવાની શંકાને કારણે ગુસ્સામાં આવી મિત્ર સરદાર ઉર્ફે ચડ્ડા દેવીદાર ચૌહાણની ચપ્પુના ઘા મારી હત્યા કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૧૦**

સુરત શહેરના વ્યસ્ત વેપારી વિસ્તારમાં રીંગ રોડ સ્થિત સુરત ટેક્સટાઈલ માર્કેટ નજીક બનેલી હત્યાની ઘટના પાછળનો ભેદ સલાબતપુરા પોલીસે ગણતરીની કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી મુકેશ મધુકર સકટે પોતાના ભાઈની સગાઈ થયેલી યુવતી સાથે મૃતકની વાતચીત હોવાની શંકાને કારણે ગુસ્સામાં આવી મિત્ર સરદાર ઉર્ફે ચડ્ડા દેવીદાર ચૌહાણની ચપ્પુના ઘા મારી હત્યા કરી હતી.

મળતી માહિતી અનુસાર, ૯ નવેમ્બરના રોજ રાત્રે રીંગ રોડની સુરત ટેક્સટાઈલ માર્કેટ ખાતે બ્લોક નં. 'O' અને 'S' ની વચ્ચે આવેલા ગેટ નં. ૫ નજીક, પાર્કિંગ પ્રોજેક્ટની બાજુમાં આ હત્યાની ઘટના બની હતી. આરોપી મુકેશ સકટે ચપ્પુ વડે હુમલો કરી ૨૧ વર્ષીય સરદાર ઉર્ફે ચડ્ડા દેવીદાર ચૌહાણને મોતને ઘાટ ઉતાર્યો હતો.હત્યા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જેના પગલે સલાબતપુરા પોલીસ સ્ટેશને હત્યાનો ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. જ્યારે ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તાત્કાલિક કાર્યરત થઈ હતી. અંતે બાતમીના આધારે આરોપી મુકેશ સકટને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો.

આરોપીની પૂછપરછ કરતા બહાર આવ્યું છે કે આરોપી મુકેશ સકટના ભાઈની સગાઈ થયેલી યુવતી સાથે મૃતક ચડ્ડા ચૌહાણની વાતચીત થતી હોવાની શંકા આરોપીને હતી. આ કારણે બંને વચ્ચે વિવાદ સર્જાયો હતો. ગુસ્સામાં આવી આરોપીએ રાત્રે ચપ્પુ વડે હુમલો કરી મિત્રની હત્યા કરી અને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાલમાં પોલીસ આરોપી મુકેશ મધુકર સકટને રિમાન્ડ ઉપર લઈ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

# સનરાઈઝ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ પારડી ખાતે ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ: પારડી તાલુકાની ૨૨ જેટલી સ્કૂલોએ લીધેલો ભાગ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**પારડી, તા.૧૦**

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા દર વર્ષે ખેલ મહાકુંભ દ્વારા વિવિધ રમતોનું આયોજન કરવામાં આવે છે અને જે તે રમતમાં પારંગત વિદ્યાર્થીઓને તાલુકા જિલ્લા રાજ્ય રાષ્ટ્રીય અને છેલ્લે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ રમવાનો મોકો મળે છે. આ ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવાનો મોકો પારડીની સનરાઈઝ ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ પારડીને મળ્યો હતો.

તારીખ ૧૦/૧૧/૨૦૨૫ના રોજ સનરાઈઝ ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ પારડી ખાતે યોજાયેલ આ વોલીબોલ સ્પર્ધામાં તાલુકા કક્ષાની ૨૨ જેટલી વિવિધ



સ્કૂલોએ અંદર ૧૪, અંડર ૧૭ અને ઓપન કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં અંડર ૧૪ ભાઈઓમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ પહેલા નંબરે, બીજા નંબરે એમજીએસ અને ત્રીજા નંબરે બીઆરજેપી પારડી વિજેતા રહી હતી. અંદર ૧૪ બહેનોમાં વલ્લભ આશ્રમ પ્રથમ ક્રમે, વલ્લભ આશ્રમ બીજા ક્રમે તથા ત્રીજા ક્રમે બીઆરજેપી પારડી રહી હતી.

અંડર ૧૭માં ભાઈઓમાં પહેલા નંબરે પોદર ઈન્ટરનેશનલ ટૂકવાડા, બીજા નંબરે અશોક વિદ્યાલય સોનવાડા અને ત્રીજા નંબરે ગાંધી વિદ્યાલય અને ત્રીજા નંબરે ગાંધી વિદ્યાલય પરીયા રહી હતી. અંદર ૧૭ બહેનોમાં પોદાર ઈન્ટરનેશનલ ટૂકવાડા પહેલા નંબરે, બીજા નંબરે લિટલ ફલાવર ઉદવાડા રહી હતી અને છેલ્લે ઓપન કેટેગરીમાં પહેલા નંબર ફગુઝન, બીજા નંબરે ગાંધી વિદ્યાલય પરીયા અને ત્રીજા નંબરે શાંતિબા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ઉદવાડા રહી હતી.

આ ખેલ મહાકુંભ ૨૦૨૫ તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન સનરાઈઝ ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ પારડીના ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ શ્રી કલ્પેશભાઈ તથા સ્ટાફ દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું હતું. અહીં આવેલ દરેક ટીમને પોતાના સુંદર સ્પોર્ટસ મેદાનમાં બે વિભાગોમાં વહેંચી વોલીબોલ ગ્રાઉન્ડ ઊભું કરી આ સ્પર્ધા રમાડવામાં આવી હતી. સાથે સાથે દરેક ઉપસ્થિત રહેનાર ખેલાડીઓ મેનેજમેન્ટને નાસ્તા-પાણી તથા અન્ય સગવડો પણ પૂરી પાડવામાં આવી હતી. આ વોલીબોલ સ્પર્ધા માટે દરેક સ્કૂલના સ્પોર્ટ્સ ટીચરો પણ ઉપસ્થિત રહી અહીં સેવા પૂરી પાડી હતી. ખૂબ શાંતિપૂર્ણ માહોલમાં આ સ્પર્ધા પૂર્ણ થઈ હતી.

## CHANGE OF NAME

**OLD NAME:**
CHHAGANLAL R. PATEL
**NEW NAME:**
**CHAGAN RANCHOR**
**ADDRESS:** H. NO. 122-2, BHATHAIYA, DHOLAR, MOTI DAMAN, DAMAN - 396220.

રાજા રઘુવંશી જેવો વધુ એક હત્યાકાંડ

# પ્રેમમાં આંધળી બનેલી પત્નીએ પ્રેમી સાથે મળી ખૂન કરી નાખ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**થાણે, તા.૧૦**

મુંબઈના થાણે જિલ્લામાંથી ઈન્દોરના હનીમૂન હત્યાકાંડ જેવો મામલો સામે આવ્યો છે. અહીં ૩ બાળકોની માએ પ્રેમના ચક્કરમાં પોતાના પતિ સાથે એવું કર્યું કે જાણીને તમારા પગ તળેથી જમીન સરકી જશે. હકીકતમાં જોઈએ તો, બદલાપુર પશ્ચિમમાં રહેતા એક ૪૪ વર્ષના વેપારી કિશન પરમાર પોતાની પત્ની મનીષા પરમાર અને ત્રણ બાળકો સાથે રહેતા હતા. તેમને હંમેશા વેપાર અર્થે શહેરની બહાર જવું પડતું હતું. આ દરમિયાન તેની પત્નીની મુલાકાત એ જ બિલ્ડિંગમાં રહેતા એક પરણેલા પુરુષ લક્ષ્મણ ભોઈર સાથે થઈ ગઈ. સમય જતાં બંને વચ્ચે દોસ્તી થઈ અને પછી દોસ્તી પ્રેમમાં બદલાઈ. બંને એકબીજાની એટલા નજીક આવ્યા કે બંને વચ્ચે શારીરિક સંબંધ પણ બંધાયા.

હકીકતમાં જોઈએ તો, બદલાપુર પશ્ચિમમાં રહેતા એક ૪૪ વર્ષના વેપારી કિશન પરમાર પોતાની પત્ની મનીષા પરમાર અને ત્રણ બાળકો સાથે રહેતા હતા. તેમને હંમેશા વેપાર અર્થે

**પત્નીએ શુક્રવારની રાતે પતિ સૂઈ રહ્યો હતો, પત્ની અને તેના પ્રેમીએ મળીને દોરડા વડે ગળું દબાવીને હત્યા કરી**

શહેરની બહાર જવું પડતું હતું. આ દરમિયાન તેની પત્નીની મુલાકાત એ જ બિલ્ડિંગમાં રહેતા એક પરણેલા પુરુષ લક્ષ્મણ ભોઈર સાથે થઈ ગઈ. સમય જતાં બંને વચ્ચે દોસ્તી થઈ અને પછી દોસ્તી પ્રેમમાં બદલાઈ. બંને એકબીજાની એટલા નજીક આવ્યા કે બંને વચ્ચે શારીરિક સંબંધ પણ બંધાયા.

પણ થોડા સમય બાદ મનીષાના પતિને આ સંબંધની જાણ થઈ ગઈ, જે બાદ કિશન પરમારે પોતાની પત્નીના આડા સંબંધને લઈને પૂછપરછ કરી. ત્યારથી બંને વચ્ચે હંમેશા ઝઘડા રહેતા. આ વાતથી કંટાળીને પત્નીએ શુક્રવારની રાતે જ્યારે પતિ સૂઈ રહ્યો હતો, પત્ની અને તેના પ્રેમીએ મળીને દોરડા વડે ગળું દબાવીને હત્યા કરી હતી.

ત્યાર બાદ તેમણે લાશને ગાદલામાં લપેટીને નાખી. તેમણે લાશને મોટરસાયકલ પર નાખીને બદલાપુર પુલ નજીક ઉલ્હાસ નદીમાં ફેંકી આવ્યા. ત્યાર બાદ બંને ત્યાંથી ફરાર થઈ ગયા.

આ ઘટનાની જાણકારી મળતા જ પોલીસે તરત કાર્યવાહી કરી. લાશને નદીમાંથી બહાર કાઢી. આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) (હત્યા) અને ૨૩૮ અંતર્ગત ફરિયાદ નોંધાઈ. આરોપી પત્ની અને તેના પ્રેમી બંનેની ધરપકડ કરી લીધી છે. મધ્ય પ્રદેશના ઈન્દોરમાં થયેલા રાજા રઘુવંશીની હત્યા પણ આવી જ રીતે થઈ હતી. ગત જૂન મહિનામાં રાજા રઘુવંશીની પત્ની સોનમ રઘુવંશીએ પોતાની પ્રેમી સાથે મળીને પતિની હનીમૂનમાં હત્યા કરી નાખી હતી.

## CHANGE OF NAME

**OLD NAME:**
DIVYA MANISH DESAI
**NEW NAME:**
**DIVYA DESAI**
**ADDRESS:** R/o. 886/3, Arvind Smruti, Near Yogi Hospital, Kilvani Road, Silvassa, UT of Dadra and Nagar Haveli and Daman and Diu- 396230.

## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં

રજી. ૫૭-૨૦૨૫

**અરજદાર:** **રણજીતભાઈ ચીમનભાઈ સોલંકી**
રહે. ૧૮૭૨, હરીજનવાસ, ચીવલ રોડ, કિલ્લા પારડી, તા.પારડી

વિરૂધ્ધ

**સામાવાળા:** **ચીફ ઓફિસરશ્રી,**
નગર પાલિકા, પારડી
તા.પારડી, જી. વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રણજીતભાઈ ચીમનભાઈ સોલંકી,** રહે. ૧૮૭૨, હરીજનવાસ, ચીવલ રોડ, કિલ્લા પારડી, તા.પારડીનાએ તેઓના **પિતા ચીમનભાઈ મોતીભાઈ સોલંકીનું મરણ તા.૧૫/૦૧/૨૦૦૭** ના રોજ મોજે-પારડી, તા.પારડી, જી. વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૨૪/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં. એમએમજી./જન્મ-મરણ/રજી. નં. ૫૭-૨૦૨૫/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી.**
**તા. પારડી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં

રજી. ૧૮૬-૨૦૨૫

**અરજદાર:** **ધીરૂભાઈ પરાગજી પટેલ**
રહે. ધર્મકુંજ પ્લોટ નં.બી-૧૮, એલ.આઈ.જી.-૧,
ગુંજન GIDC, વાપી, તા.વાપી, જી.વલસાડ

વિરૂધ્ધ

**સામાવાળા:** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી, ઉમરસાડી, દેસાઈવાડ
તા.પારડી, જી. વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જાહેર નોટિસ મારફત જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, **અરજદારશ્રી ધીરૂભાઈ પરાગજી પટેલ,** રહે. ધર્મકુંજ પ્લોટ નં. બી-૧૮, એલ.આઈ.જી.-૧, ગુંજન, GIDC વાપી, તા.વાપી, જી.વલસાડનાએ તેઓના **ભત્રીજો પ્રિયંકકુમાર ગીરીશભાઈ પટેલનો જન્મ તા.૦૪/૦૭/૧૯૮૬**ના રોજ મોજે-ઉમરસાડી દેસાઈવાડ, તા.પારડી, જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે ભુલ અને શરતચૂકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા. પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૭/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં. એમએજી./જન્મ-મરણ/રજી.નં. ૧૮૬-૨૦૨૫/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી.**
**તા. પારડી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# બિહારમાં ચૂંટણી અને છઠ પૂજામાં વતન ગયેલા કામદારો હજુ પરત નહિ આવતા વાપીના ઉદ્યોગોમાં કામદારોની અછત

## ઉદ્યોગોમાં મોટા ભાગના પરપ્રાંતિય કામદારો ફરજ બજાવતા હોવાથી તેમની ગેરહાજરી ઉદ્યોગો માટે નવી મુશ્કેલી સર્જી રહી છે



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વાપી ઉદ્યોગનગરી એશીયાની સૌથી મોટી પ્રથમ ઉદ્યોગનગરી છે. ઉદ્યોગનગરીમાં દોઢલાખ ઉપરાંત કામદારો ફરજ બજાવી રહ્યા છે. આ કામદારો તાજેતરમાં બિહારમાં છઠ, પૂજા અને ચૂંટણી હોવાથી મોટાભાગના કામદારો વતન ગયા છે પરિણામે ઉદ્યોગ વસાહતમાં કામદારોની અછત વર્તાઈ રહી છે.

વાપી ઔદ્યોગિક વસાહતમાં ત્રણ હજાર ઉપરાંત નાની-મોટી કંપની ફેક્ટરી કાર્યરત છે. જેમાં દોઢલાખ ઉપરાંત કામદારો ફરજ બજાવી રહ્યા છે. જેના મોટાભાગના કામદારો પરપ્રાંતિય છે. ખાસ કરીને યુ.પી. અને બિહારના છે હાલમાં બિહારમાં છઠપૂજાનો તહેવાર હતો. સાથે સાથે વિધાનસભાની સામાન્ય ચૂંટણી તા. ૮ અને તા.૧૧ નવેમ્બરના રોજ યોજાયેલી છે. તેથી વાપીના બિહાર રાજ્યના મોટા ભાગના કામદારો વતનમાં ગયા છે. તેથી વાપીના ઉદ્યોગોમાં કામદારોની ઉણપ મોટા પ્રમાણમાં સર્જાઈ છે કેટલીક કંપનીમાં કામદારોની પાંખી હાજરી હોવાથી ઉત્પાદન ઉપર પણ અસર પહોંચી છે. સ્થાનિક કામદારો નામ પૂરતા જ ફરજ બજાવતા હોય છે. તેથી કંપનીઓ પરપ્રાંતિય કામદારો ઉપર નભી રહી છે. પરંતુ કામદારો વતનમાં ગયા હોવાથી ઉદ્યોગોના માથે મોટું સંકટ તોળાઈ ચૂક્યું છે.

# ચીખલીના સાદડવેલમાં ગામ લોકોએ કાવેરી સુગરની જમીનની હરાજી રદ્ કરી સુગર ચાલુ કરવાની માંગ સાથે મામલતદારને પાઠવેલું આવેદનપત્ર

## જળ, જંગલ અને જમીનને નુકસાન થશે તેવા સંજોગોમાં રસ્તા ઉપર ઉતરી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ઉચ્ચારેલી ચિમકી



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૧૦**

ચીખલી તાલુકાના સાદડવેલ ગામના લોકો દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી કાવેરી સુગરની જમીનની હરાજી રદ કરી સુગર ચાલુ કરવાની માંગ સાથે જળ, જંગલ, જમીનને નુકસાન થશે તેવા સંજોગોમાં રસ્તા પર ઉતરી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સાદડવેલ ગામના અગ્રણી પંકજભાઈ પટેલની આગેવાનીમાં સ્થાનિક શેર ધારકો, ખેડૂતો મોટી સંખ્યામાં આવી મામલતદારને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, સાદડવેલ ગામ અનુસૂચિ પાંચ વિસ્તારમાં આવે છે અને પેસા એક્ટ પણ લાગુ પડતો હોય અને નેવું ટકા આદિવાસી વિસ્તાર છે. કાવેરી સુગરમાં આદિવાસી ખેડૂતોએ ૮૦ થી ૯૦ ટકા શેર ખરીદેલ છે. આ સુગરનું ખાતમુહૂર્ત ૨૦૧૬ના વર્ષમાં તાત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા કરાયું હતું અને સુગરના સંચાલકોએ એનસીડીસી પાસેથી લોન મેળવી કામ શરૂ કરેલ હતું. પરંતુ કોરોના કાળથી કામ બંધ હોય એ દરમ્યાન હપ્તા નહિ ભરાતા અમારી જાણ મુજબ જમીનની હરાજી થઈ ગયેલ છે.

વધુમાં જણાવાયું છે કે જમીનની હરાજી પણ ભૂલ ભરેલી લાગે છે. અમારી જાણ મુજબ આશરે ૩૫ હેક્ટર જમીન અને થયેલ બાંધકામ મળી આજના માર્કેટ ભાવ મુજબ આશરે ૧૩૦ કરોડ જેટલી થાય છે. છતાં અમારી જાણ મુજબ ઘણી ઓછી વેલ્યુએશન કરી ૫૯ કરોડ જેટલી મામુલી રકમમાં હરાજી થયેલ હોવાનું જાણવા મળેલ છે. આમ સમગ્ર હરાજીની પ્રક્રિયા સામે પણ અનેક સવાલો ઉભા થવા સાથે મસમોટા કૌભાંડની આશંકા સેવાઈ રહી છે.

આ જમીન ઉપર કોઈક અન્ય કંપની દ્વારા રાસાયણિક ખાતર બનાવવાની કંપની સ્થાપવા માંગે છે. જો આ જમીનમાં કેમિકલ ખાતર બનાવવામાં આવે તો અમો આદિવાસી વિસ્તારમાં જળ, જંગલ, જમીન અને વાયુને પણ નુકસાન થાય તેમ હોય પેસા એક્ટ અને અનુસૂચિ પાંચના નિયમોનું પણ ઉલ્લંઘન થાય એમ છે. અમો આદિવાસીઓ પ્રકૃતિને પૂજનારા છીએ, જમીન અને વાયુને નુકસાન થવાથી અમો આદિવાસીઓ તેમજ પશુ પંખીઓનું પણ જીવન જોખમાય તેમ હોય ઉપરાંત આદિવાસી ખેડૂતોને નુકસાન વેઠવું પડે તેમ છે. તેવામાં ફરીથી કાવેરી સુગર ચાલું થાય તો આદિવાસી ખેડૂતોને પણ સારી આવક મળી શકે તેમ છે.

સાદડવેલ અને આજુબાજુના ગ્રામજનો દ્વારા કાવેરી સુવરની જમીનની હરાજી રદ્ કરી કાવેરી સુગર ચાલુ કરવામાં આવે અને અમારી માંગણીને ધ્યાનમાં ન લેવામાં આવશે તો રસ્તા પર ઉતરી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરી આદિવાસીનું જીવન જોખમાય તેવું કદી પણ ચલાવી લેવામાં આવશે નહિ કેમિકલયુક્ત પ્લાન્ટથી નુકસાન થશે. કોઈ મોટી હોનારત બનશે તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### પારડી શહેર સંગઠન અને પારડી નગરપાલિકા દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું થયું આયોજન

# ચીલાચાલુ કામને બદલે વિદેશમાં હોય એવા અનોખા કામો પારડીમાં કરીશઃ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૦**


ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે નવ નિયુક્ત શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની સૂચના અનુસાર આ વર્ષે નવા વર્ષનું સ્નેહ મિલન કોઈ એક જ જગ્યાએ રાખવામાં ન આવતા અલગ અલગ ગ્રામ પંચાયતો તથા નગરપાલિકામાં રાખવાના આદેશને લઈ સમગ્ર ગ્રામ પંચાયતો તથા નગરપાલિકા અને શહેર સંગઠનો પોતાની રીતે અલગથી સ્નેહમિલનનું આયોજન કરી રહ્યા છે


તારીખ ૯/૧૧/૨૦૨૫ના રોજ પારડી નગરપાલિકા તથા શહેર સંગઠનનો સંયુક્ત સ્નેહમિલન કાર્યક્રમ પારડી ધીરુભાઈ હોલ ખાતે રાખવામાં આવ્યો હતો. પારડીના ધારાસભ્ય અને ગુજરાત સરકારમાં ફરીથી નાણાં અને શહેરી વિકાસ ખાતાના કેબિનેટ મંત્રી શોભાવનારા શ્રી કનુભાઈ દેસાઈ ખાસ આ સ્નેહમિલનમાં ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ પારડી શહેર સંગઠન અને પારડી નગરપાલિકાના સદસ્યો દ્વારા ભવ્ય હાર દ્વારા શ્રી કનુભાઈ દેસાઈનું ભવ્યથી ભવ્ય સ્વાગત કરી નવા વર્ષની શુભકામનાઓ આપ્યા બાદ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા આદિવાસી સમાજ દેસાઈ સમાજ સોની સમાજ કોળી પટેલ સમાજ મુસ્લિમ સમાજ બ્રહ્માકુમારીઝની બહેનો તથા વિવિધ મંડળો સંસ્થાઓ દ્વારા નવ નિયુક્ત નાણા અને શહેરી વિકાસ મંત્રાલય સંભાળનારા પારડીના ધારાસભ્ય શ્રી કનુભાઈ દેસાઈનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પારડીના પીઠ કોંગ્રેસી અને પૂર્વ પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ તથા હાલમાં યુથ કોંગ્રેસ પ્રમુખ પારડી જસ રાણાના પિતાશ્રી અને પીઠ રાજનીતિના ઘડવૈયા એવા કોંગ્રેસી નેતા શ્રી સુરેશભાઈ રાણા(પેકલો) પણ પોતાના રાણા સમાજ સાથે સ્ટેજ પર પધારી ધારાસભ્ય તથા ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી એવા ભાજપના શ્રી કનુભાઈ દેસાઈને પગે લાગી એમને હાર તોરા પહેરાવી સાલ ઓઢાળી સ્વાગત કરતા તેઓ કોંગ્રેસમાં છે કે ભાજપમાં હોવાનો પ્રશ્નાર્થ સર્જાયો હતો.

આજના આ સ્નેહમિલન કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, પારડી નગરપાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા વાપીના શ્રી સુરેશભાઈ, પારડી શહેર ભાજપ મહામંત્રી શ્રી ઝુબિનભાઈ દેસાઈ, પારડી શહેર ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, પારડી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ પટેલ, શ્રી શૈલેષભાઈ, શાસકપક્ષના નેતા નેહાબેન પટેલ, શ્રી જીગ્નેશ પટેલ, શ્રી પ્રણવભાઈ દેસાઈ, શ્રી સિરીશભાઈ પટેલ, શ્રી કિરણભાઈ પટેલ, શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી ભૂમિ શ્રેયાંસ પારેખ, શ્રી જિજ્ઞેશ માંગેલા, શ્રી લાલજી યાદવ, જાગૃતિબેન શાહ, શ્રી દેવેનભાઈ શાહ, શ્રી નીલશેઠ, શ્રી નિલેશભાઈ ભંડારી સહિત ખૂબ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ હોદ્દેદારો ઉપસ્થિત રહી આ સ્નેહમિલન કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વાપી ફાટક પાસે ૮ માસ પહેલા રૂા.૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ પેડેસ્ટ્રીયલ પુલમાં વગર વરસાદે પાણી ટપકતા થયા





## અવર જવરની ભારે હાલાકી સર્જાઈ રહી છે, પાણી ભરાઈ જતા લોકો પાળી (ફૂટપાથ)નો સહારો લઈ રહ્યા છે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વાપીમાં વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. કેટલાક પૂર્ણ પણ થયા છે પરંતુ આવા વિકાસ કાર્યો સામે પ્રશ્નાર્થ ચિન્હ પણ ઉભા થઈ રહ્યા છે. વાપી ફાટક પર લોકો પાટા ક્રોસ કરી અવરજવર કરતા હતા. જીવલેણ અકસ્માત સર્જાતા રહેતા તેથી માંગ ઉઠી હતી કે પેડેસ્ટ્રીયલ પુલની જરૂરીયાત છે. જે માંગ ગત માર્ચ ૨૦૨૫ માં પુરી થઈ હતી. રૂા.૮ કરોડના ખર્ચે પાલિકા દ્વારા પેડેસ્ટ્રીયલ પુલ કાર્યરત કર્યો હતો પરંતુ ક્વોલિટીની ઉણપ યા દેખરેખના અભાવે પેડેસ્ટ્રીયલ પુલમાં વગર વરસાદે પાણી ટપકવા શરૂ થઈ ગયા છે.

અતિ મહત્ત્વની સુંદર ડિઝાઈનથી તૈયાર થયેલ પેડેસ્ટ્રીયલ પુલથી લોકો આસાનીથી અવર જવર કરતા થયા હતા પરંતુ આ સુખ લોકો માટે ઝાઝું ટક્યું નથી. પુલમાં વગર વરસાદે પાણી ટપકતા થયા છે. પરિણામે લોકોને અવર જવર કરવાની મુશ્કેલી ઉભી થઈ રહી છે. રૂા.૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ પેડેસ્ટ્રીયલ પુલની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ જરૂર ઉભો થઈ ચૂક્યો છે. માત્ર ૮ માસમાં પાણી ટપકતું થાય તેથી ક્વોલિટી સામે પણ પ્રશ્ન છે. બીજુ લોકો અવર જવર માટે પાણીમાં ચાલવું ના પડે તેથી પાળી (ફૂટપાથ)નો સહારો લઈ રહ્યા છે. પાળીઓ પણ લોકોએ પાન-ગુટખાની પીચકારીઓ મારી ગંદી કરી દીધી. જાહેર સાર્વજનિક સ્થળો સાચવવાની શિસ્ત લોકોમાં હજુ કેળવાઈ નથી તેવુ પેડિસ્ટીયલ પુલની સ્થિતિ જોતા જણાઈ રહ્યું છે.

# વલસાડ સિવિલ હોસ્પિટલમાં જ્યાં સ્વચ્છતાની પ્રાથમિક જરૂરિયાત છે, ત્યાં કચરાના ઢગલાં પથરાયેલાં છે



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વલસાડ સિવિલ હોસ્પિટલની વહિવટીય ખામીઓ, ફરિયાદો વારંવાર જોવા મળી રહી છે. તેની પુષ્ટી વર્તમાન વાસ્તવિકતા સાબિત કરી રહી છે. જાહેર સ્વાસ્થ્ય માટે જ્યાં સ્વચ્છતાની પ્રાથમિક અને અનિવાર્ય જરૂરીયાત છે, ત્યાંજ હોસ્પિટલ પરિસરમાં ઠેર ઠેર કચરાના ઢગલાં પથરાયેલાં જોવા મળી રહ્યા છે.

વલસાડ સિવિલ હોસ્પિટલનો રોજીંદો કચરો એક જગ્યાએ એકત્રીત કરાઈ રહ્યો છે.

## હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશનની વહિવટી ખામી સરાજાહેર થઈ રહી છે

જેનો રોજે રોજ નિકાલ કરવો જોઈએ, જે હકિકતમાં તેવું થઈ રહ્યું નથી. પરિણામે હોસ્પિટલમાં સરાજાહેર ઠેર ઠેર કચરાના ઢગલાં જોવા મળી રહ્યા છે. હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશનની નજરે આ ગંદકી કેમ નજરે પડતી નથી. તેવો સવાલ અત્રે ઉભો જરૂર થાય છે. આમ પણ સરકારી હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં સ્વચ્છતા ભેદરેખા તુરંત જોવા મળી જતી હોય છે. કારણ કે ખાનગી અને સરકારી વહીવટમાં રાતદિવસનો ફર્ક હોય છે. તેવું અક્ષરશઃ વલસાડની સિવિલ હોસ્પિટલ સાબિત કરી રહી છે.

# વાપી ઉદ્યોગનગર પોલીસનો ફાયરીંગ, લૂંટ, મર્ડરનો ૧૦ વર્ષથી નાસતો ફરતો આરોપી મહારાષ્ટ્ર પાલઘરથી ઝડપાયો

## ચંદન ગૌતમ નામના આરોપી ઉપર ઉદ્યોગનગર પો.સ્ટે.માં ગંભીર ગુના નોંધાયેલા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફાયરીંગ, લૂંટ અને મર્ડર જેવા ગંભીર ગુનાનો આરોપી ૧૦ વર્ષથી ફરાર થઈ ગયો હતો. આ ફરાર આરોપીને ઝડપી પાડવાની સફળતા પોલીસને મળી છે.

વલસાડ જિલ્લા પોલીસ વડા શ્રી યુવરાજસિંહ જાડેજાની રાહબરીમાં જિલ્લા પોલીસ નાસતા ફરતા આરોપીઓને પકડવાનું ખાસ મિશન ચલાવી રહી છે. તેવો નાસતો ફરતો આરોપી ચંદન ગૌતમ ૧૦ વર્ષ પહેલા વાપી જી.આઈ.ડી.સી. પોલીસ હદ વિસ્તારમાં ફાયરીંગ લૂંટ અને મર્ડર કરી ચંદન ગૌતમ નામનો આરોપી ભૂગર્ભમાં ચાલી ગયો હતો. એલ.સી.બી. તેની શોધી રહી હતી. અંતે ૧૦ વર્ષ બાદ નાસતો ફરતો આ આરોપીને પોલીસે મહારાષ્ટ્ર પાલઘરમાંથી ઝડપી પાડ્યો છે.


વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો

સંજય તાડા - 99244 66899

સુરેશ ઉમતિયા - 98259 89444


# વાપી જીઆઈડીસીની કંપનીમાં ભીષણ આગઃ આગની જ્વાળા અને ધુમાડાના ગોટાઓથી આજુબાજુમાં ભય ફેલાયો

## નિતિન ડાયકેમ પ્રા.લી. નામની કંપનીમાં લાગેલી આગ ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ બુઝાવી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૦**

વાપી જીઆઈડીસીની કંપનીઓ મોટાભાગે કેમિકલ, ફાર્માસ્યુટીકલ ડાઈઝ ઈન્ટરમિડિયેટ બનાવતી કંપની હોવાથી વારંવાર આગ લાગવાના બનાવો બનતા રહે છે. તેવો વધુ એક બનાવ જી.આઈ.ડી.સી. સ્થિત કંપની જવાળાઓની લપેટમાં આવી ગઈ હતી. ચારે તરફ દોડધામ મચી જવા પામી હતી.

વાપી જીઆઈડીસીમાં કાર્યરત નિતિન ડાયકેમ પ્રા.લી. નામની કંપનીમાં રવિવારે મધરાતે અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આખી કંપની આગની લપેટમાં આવી ગઈ હતી. ધુવાડા અને જ્વાળાઓએ વિકરાળ રૂપ સર્જી દીધુ હતું. તેથી દોડધામ સાથે આજુબાજુની કંપનીઓમાં પણ ભય ફેલાઈ ગયો હતો. આગની જાણ બાદ નોટિફાઈડ ફાયરની ચાર ઉપરાંત ગાડીઓ ઘટના સ્થળે પહોંચીને સારી એવી જહેમત ઉઠાવીને આગ પર કાબુ કરી દીધો હતો. આગમાં કોઈ જાનહાનીનો બનાવ બનેલ નથી પરંતુ આગ લાગવાનું કારણ અકબંધ રહ્યું છે.